માસિક

Shree Swaminarayan (Gujarati Monthaly)


# શ્રી સ્વામિનારાયણ


પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૧૬ ● જુલાઈ૨૦૨૫

Volume no. 18, Issue No. 216 July 2025


## કેસરસ્નાન

શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષનો

**સમૈયો**

23-1-2026 - 27-1-2026




પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-





આપણાં હ્યુસ્ટન (અમેરિકા) મંદિરના ૨૫મા પાટોત્સવ પ્રસંગે ઠાકરજીનો અભિષેક કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી



ટોરેન્ટો (આઈ.એસ.એસ.ઓ. કેનેડા) નૂતન શિખરબધ્ધ મંદિરનું ખાત મુહૂર્ત વિધિ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



એડમિન્ટન (આ.એસ.એસ.ઓ. કેનેડા)મંદિરના ૧૦ મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



વાનકુંવર (કેનેડા) માં કથાવાર્તાનો લાભ લેતા હરિભક્તો



રજાઈના (કેનેડા) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને અન્નકૂટ દર્શન




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરુષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર




વર્ષ - ૧૮ (મૂળ વર્ષ ૫૮) ● સળંગ અંક : ૨૧૬ ● જુલાઈ-૨૦૨૫

## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ''સમૈયો''ના ઉપલક્ષમાં શિક્ષાપત્રી | ૦૬ |
| ૦૪. | શ્રીહરિના ૭ મા અને ૮ મા વંશજના મુખેથી અમૃતવચન | ૦૭ |
| ૦૫. | આપણા હરિ મંદિરો તથા પ્રસાદી સ્થાનો (પોર વાવોલ દેશ) ઉવારસદ | ૧૨ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી | ૧૪ |
| ૦૭. | ભક્તિસુધા | ૧૫ |
| ૦૮. | ''સમૈયો''ના ઉપલક્ષમાં | ૧૯ |
| ૦૯. | સત્સંગ સમાચાર | ૨૨ |

# અસ્મદીયમ્

વ્હાલા ભક્તો,

ચાતુર્માસનો શુભારંભ થયો છે. ઘણા હરિભક્તો આ ચોમાસાને વિષે વિશેષ નિયમ એકટાણા વગેરે કરતા હશો. આ નિયમો રાખનાર પર મહારાજ ખૂબ રાજી થાય છે.

સાચા સત્સંગીની નિષ્ઠા-શ્રધ્ધા-ઉપાસના-ભક્તિ સ્વામિનારાયણ ભગવાન પ્રત્યે હોય, એ કર્તા હર્તા છે. સુખ-દુઃખના દાતા પણ એજ છે.

મહારાજે આપણને જીવન જીવવાની જડી બુટ્ટી ''શિક્ષાપત્રી'' આપી. ૨૧૨ શ્લોકની આ શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષ થવામાં હવે આપણી પાસે ૨૧૨ દિવસ બાકી હોય ત્યારે આપણે નિત્ય મહારાજે ચિંધેલ નિયમો લઈ આ ''સમૈયો'' ઉત્સવની રાહ જોવી જોઈએ.

મહારાજે પણ કહ્યું છે, ''વ્રતના દિવસે વર્ષો વર્ષ ઉત્સવ કરીએ છીએ અને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ. કારણ કે જો કોઈક પાપી જીવ હોય અને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય.''

આપણે ''સમૈયા''ના બાકી રહેલા દિવસોમાં વ્રત, તપ, નિયમ કરી બળિયા થઈ ''સમૈયો''ના ઉપલક્ષમાં ગામોગામ શહેરમાં અનેક વિદ્ય પ્રવૃત્તિમાં સહભાગી બનવા તત્પર થઈએ. જે શિક્ષાપત્રીના આ ૨૦૦ વર્ષના દ્વિશતાબ્દી ઉજવવા ભાગ્યશાળી છે તેઓને આ સમૈયો અંતકાળે યાદ આવશે તેનું કલ્યાણ - ધામની પ્રાપ્તિ અચૂક થશે.

હા, આ સમૈયામાં પોતાને માન જડે એવી અપેક્ષા છોડી સેવા-ભક્તિ કરવાની છે. તન, મન, ધનથી આપણો સમૈયો-ઉત્સવ છે તેમ માની ''શિક્ષાપત્રી'' આપણું જીવન છે. તેવી આત્મિયતા દર્શાવી ધન્યતા અનુભવવાની છે.

સમૈયામાં લોભ, માન, ઈર્ષ્યા અને ક્રોધ મૂકી ભગવાનના ભક્તનું સન્માન કરતા શીખવવાનું છે. ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે તેના ઉપાય માટે આવા સમૈયાનું ચિંતવન એમાં ઓતપ્રોત થઈ ભાગ લેવો એ જરૂરી છે.



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી એવમ્ પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી આપણા કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ૨૧૨ દિવસ સુધી એટલે સમૈયાના પ્રારંભ પર્યન્ત ''પ્રસાદમ્''ના માધ્યમથી રોજે અમદાવાદની નાની-મોટી હોસ્પિટલ, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન વગેરે જગ્યાએ ભૂખ્યા લોકોને ભોજન જમાડી તેની જઠરાગ્નિ ઠારવાનું મહા ભગીરથ સેવા યજ્ઞ સંત-હરિભક્તો કરી રહ્યા છે. જેમાં સેવા કરનારને ખૂબ ખૂબ ધન્યવાદ છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના**
**જયશ્રી સ્વામિનારાયણ**

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જૂન-૨૦૨૫)

૧ વિસનગર શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ભૂમિ પૂજન પ્રસંગે પધરામણી.

૫ પ.ભ. રમેશભાઈ જેઠાભાઈ વરસાણીને ત્યાં પધરામણી થલતેજ.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક પાટોત્સવ પ્રસંગે પધરામણી. કચ્છ લેઉવા પટેલ સમાજ ભવન નવજીવન અમદાવાદ ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી.

૧૧ શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન પોતાના વરદ્‌ હસ્તે સંપન્ન થયું. સંત મહાદીક્ષા પોતાના વરદ્‌ હસ્તે સંપન્ન થઈ.

૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર શિવગઢ (કચ્છ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૨ ટોરેન્ટો (કેનેડા આઈ.એસ.એસ.ઓ.) શ્રી સ્વામિનારાયણ નૂતન શિખરબદ્ધ મંદિર ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી.

૨૦-૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર એડમિન્ટન (કેનેડા આઈ.એસ.એસ.ઓ.) દશાબ્દી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૭-૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન ટેકસાસ (અમેરિકા આઈ.એસ.એસ.ઓ.) રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જૂન-૨૦૨૫)

૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર એલન ટાઉન (આઈ.એસ.એસ.ઓ. અમેરિકા) ૧૦ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૭-૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન ટેકસાસ (આઈ.એસ.એસ.ઓ. અમેરિકા) રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

શ્રી સ્વામિનારાયણ

# સમૈયા ના ઉપલક્ષમાં ॥ શિક્ષાપત્રી ॥

दृष्ट्वा शिवालयादीनि देवागाराणि वर्त्मनि ।
प्रणम्य तानि तद्देवदर्शनं कार्यमादरात् ॥२३॥

**અનુવાદ : માર્ગમાં (ચાલતા) શિવાલય વગેરે જે દેવમંદિર આવે તેમને જોઈને તેને નમસ્કાર કરવા અને આદર પૂર્વક તે દેવનું દર્શન કરવું ॥૨૩॥**

વિવેચન : શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની મહત્તા દર્શાવતા શ્લોકોમાનો આ એક શ્લોક કહી શકાય. અન્ય કેટલાક સંપ્રદાયો તથા ધર્મોમાં બીજાના દેવદેવીઓને અવહેલના પૂર્વક જોવાની શીખ આપવામાં આવેલી હોય છે. જ્યારે આપણા સંપ્રદાયમાં અહીં શ્રીજી મહારાજ અત્યંત સ્પષ્ટરૂપે જણાવે છે કે કોઈપણ દેવની અવહેલના તો ન જ કરવી પણ તેમને યથા ઉચિત માન આપવું. જ્યારે રસ્તામાં ચાલતાં હોઈએ અને શિવનું મંદિર આવે, અથવા ગણેશ, સૂર્યનારાયણ વગેરેનાં મંદિરો આવે ત્યારે એ દેવમંદિર છે માટે તરત માનપૂર્વક પ્રણામ કરવા અને તેટલેથી જ ન અટકતાં, તે દેવમંદિરમાં જઈને દેવ-દર્શન કરવાં.

સામાન્ય રીતે, ભારતમાં પણ એવા કેટલાક પંથો પ્રચલિત થયા હતા જે અન્ય દેવને તિરસ્કારવાનું શીખવાડતા હતા. એવી લોકોક્તિઓ જાણવા મળે છે કે અમુક સંપ્રદાયના લોકો અન્ય સંપ્રદાયના દેવોનું નામ પણ ન લે. આવું સંકુચિતપણું સત્સંગીઓને ન શોભે. કોઈપણ દેવની અવહેલના ન જ થાય. શ્રીજી મહારાજ આમ આપણને અહીં વ્યાપક શિક્ષણ આપતાં કહે છે કે શિવાદિ દેવોને પણ ઉચિત માન આપવું. વશિષ્ઠ સ્મૃતિમાં કહ્યું છે કે -




देवताप्रतिमां दृष्ट्वा यतिं दृष्ट्वा च योगिनम् ।
नमस्कारं न यः कुर्यात् प्रायश्चितीयते हि सः ॥

અર્થાત્ દેવમૂર્તિ યોગી વગેરેને જોઈને જે નમસ્કાર ન કરે તે પ્રાયશ્ચિતના ભાગી બને છે.

આજે જ્યારે જગતમાં અનેક પ્રકારની સંકુચિત વિચારસરણી પ્રચલિત બની રહી છે, જ્યારે ધર્મમાં રાષ્ટ્રમાં કે જીવનમાં અનેક નાના નાના વાડા થવા માંડ્યા છે ત્યારે અહીં શ્રીહરિએ આપેલ મહાન શીખ બધાને પહોંચાડવા જેવી છે. કટ્ટર સંપ્રદાયવાદિતા, સંકુચિતતા, અન્ય ધર્મ કે અન્ય વિચારસરણીનો વિરોધ એ બરોબર નથી. પરંતુ વ્યાપકબુદ્ધિ, સહિષ્ણુતા, બીજાની માન્યતા તથા ધર્મનો તિરસ્કાર ન કરવો અને સૌજન્યથી બધી જ સારી વસ્તુઓનો આદર-એ આજે બધા માટે જરૂરી છે અને અહીં શ્રીજી મહારાજે સ્વમુખે જ આ મહાન સિદ્ધાંત આપણને આપ્યો છે. આ વ્યાપક બુદ્ધિ અને સહિષ્ણુત્વ એ આપણા મહાન ગુણો બને એ જરૂરી છે. આપણે અન્ય દેવો કે દેવાગારોને યોગ્ય અને ઉચિત આદર આપીએ તેથી આપણા જ સંપ્રદાયનું ગૌરવ વધે છે તથા સનાતન ધર્મના ઉચ્ચ સિદ્ધાંતોનું રક્ષણ થાય છે.

# શ્રીહરિના ૭ મા અને ૮ મા વંશજના મુખેથી અમૃતવચનો

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)

**પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ, પાર્સીપની મંદિર (I.S.S.O.)ના ૧૦ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે, તા. ૨૪-૦૫-૨૦૨૫ :** રામ સ્વામીએ વાત કરી ગ્રેજ્યુએશનની તો તમે બધા ગ્રેજ્યુએટ, પણ હું એકલો એવો છું કે મને બહુ રસ પડતો નહોતો ભણવામાં.



આનંદ થયો તમનો બધાનો જોઈને, નાનપણથી તમારા બધાની જોડે મોટા થયેલા છીએ. ઠાકોરભાઈ ! તમારી પાસે અમે બધા ઝીણા ઝીણા આવતા હતા. પ્રહલાદભાઈના સોફા તોડી નાખતા હતા. પંકજ ચડ્ડી પહેરીને ફરતો હતો. અત્યારે પ્રેસીડેન્ટ છે. સોફા ઉપર ચડે એટલે પ્રહલાદભાઈ આમ નીચે નાખે. તમે બધા હરિભક્તો, આજે મોટામાં મોટી વસ્તુ એ છે કે **Alienated** કંઈક આમ જુદું ના લાગે મમત્વ થાય. સહજ રીતે પોતાપણું થાય પણ એના માટે મહેનત કરવી પડે છે. કોઈ વસ્તુમાં તેમાં ખાસ કરીને આ મંદિરો, આ બધી પબ્લિક પ્લેસીઝ. તમારી જોડે, તમારા છોકરાઓ જોડે સાહજિક રીતે રહ્યા છીએ એટલે બહુ સરળતાથી પ્રેમ અને લાગણી થાય છે, એના માટે શબ્દોમાં વર્ણન ગરીબ લાગે પણ એ ભગવાનની કૃપાથી થાય છે.

આ મંદિરમાં એક પાટિયુ મને બહુ ગમ્યું. રામ સ્વામી ! અભિષેક સ્વામી ફોટો લઈને મારી પાસે આવેલા એમાં લખ્યું હતુ. **Dont advice the administration, it not what is does** (વહીવટમાં વણજોઈતી સલાહ આપવી નહી). આ બધુ **Interesting** (રસપ્રદ) વસ્તુ છે. મેં તો ઈન્સ્ટ્રાગ્રામ બંધ કરી દીધુ છે, પણ ચાલુ કરવુ પડશે આના માટે. હિંમતવાન કહેનારેય (સલાહ આપનાર) કહેવાય અને હિંમતવાન વહીવટકર્તા કહેવાય.

રામ સ્વામીએ કહ્યું, અભિષેક સ્વામી આઠ વર્ષથી અહીં સંભાળે છે. મેં કીધું,



પાર્સીપનીમાં બધા દિગ્ગજ દિગ્ગજ જ છે. અહીંયા ૫૬ ની છાતી નહી, એનાથીય મોટી છાતી હોય તો જ રહી શકાય. વહીવટ કરનારાઓને જો આટલી સલાહ આપતા હોય તો સ્વામીને શું બાકી રાખતા હશે ! ચેરીહિલમાં સ્વામી મળ્યા ત્યારે કહેલું કે પાર્સીપનીમાં થોડું સાચવોને. પહેલા થોડો વિચાર કર્યો પણ પછી સરસ સંભાળ્યું. ધન્યવાદ છે સ્વામીને, આ સંતો બહુ ઉત્સાહી અને કર્મનિષ્ઠ છે. હકીકતમાં કહું છું. બધા જવાનિયા છે અને અહીં બેઠા બેઠા લાડવા નથી ખાતા. આમેય કંટાળો આવે આ દેશમાં. આ દેશ કંઈ સારો નથી. તમે પણ જાણો છો. આ તો ઠીક છે આવી ગયા છો ભૂલથી ! હકીકતમાં જે સંતો અહીં સેવા કરે છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે. માણસ ને સાચવવા, તમે કલ્પના કરો, તમારા ઘરે મહેમાન આવવાના હોય, અત્યારે તો આ દેશમાં કદાચ સારું હશે, કદાચ ! મારે પૂછવાનું બાકી છે. પણ અગાઉ તો ઈન્ડિયાથી મહેમાન આવવાના હોય તો કહી દેતા કે **week-end** ની **flight** (અઠવાડિયાના અંતની રજાના સમયગાળાની ફલાઈટ ટિકિટ) લેજોને ! **week-day** નું (રવિવાર સિવાયના ચાલુ દિવસનું) કામ પડ્યુ છે. વિકેન્ડમાં તમને લેવા આવી શકાય. નહીં તો **91** કે **195** નું એડ્રેસ આપીને કહી દે કે ઉબેર કરીને આવી જજો.

આંકડા રામ સ્વામી જાણે છે. હું નથી જાણતો. પણ આજે બે-ચાર જણ આપણે ત્યાં આવવાના હોય તો કઈ ડિશ રાખવી, શું ખાશે, શું નહીં ખાય, શું વાત કરવી, શું ના કરવી વગેરે આયોજન કરતા પાંચ દાડા નીકળી જાય. તો **આ આખો સંપ્રદાય કે આ આખું મંદિર સાચવવું એ સહેલું નથી. આ કંઈ નાની વસ્તુ નથી. આ સંતોને અને આ આપણા આયોજન કર્તાઓને ધન્યવાદ છે.** અને આ પાટિયુ લખનારને પણ ધન્યવાદ છે જેણે લખ્યું છે એ હિંમતવાન પુરુષ કહેવાય. પ્રહલાદભાઈ તમે જ લખ્યું હશે ! કારણ કે હસ્ત લિખિત પ્રતમાં તમારી પારંગતતા છે એ વિહોકોનથી હું જાણું છું.

પણ જો આનંદ છે. જીંદગીનું સુખ છે. ભગવાન મળ્યા છે, હું કાયમ કહું છું કે મજા કરો, મર્યાદામાં રહી ને. આરામથી હસો, બોલો, મજા કરો. **આવા ભગવાન ને આવું સુખ દુનિયામાં ક્યાં મળે છે કોઈને !** ગાદી તકિયા ગાલ મશુરીયા તૈયાર નાસ્તો ખાધો. હવે ફરી પાછું ખાવાનું ખાશો જલસો છે જીંદગીમાં, બાકી લોકો તો કીડની કાઢીને લઈ જાય છે. આટલા બેસાડે પછી બધુ કાઢીને લઈ જાય !

**મોટા બાપજીએ ૧૯૭૮ માં I.S.S.O. ની સ્થાપના કરી તેને ૨૦૨૮ માં ૫૦ વર્ષ થશે. ૫૦ વર્ષોમાં નિર્ણય એટલો જાળવી રાખ્યો છે કે મોટા સમૈયામાં સેવા કરે છે એ સિવાય પૈસા લઈ જવાના નહીં. ૪૭ વર્ષ પહેલા આ સિદ્ધાંત મોટા બાપજીએ આપેલો છે. આ બહુ મોટી વસ્તુ છે. મોટા બાપજી બહુ દીર્ઘદ્રષ્ટા કહેવાય.** બાકી તમે જુઓ છો જે આવે છે એ ખિસ્સા ખાલી કરે છે કે નથી કરતા બોલો ! આ લાવો ને તે લાવો. **હા, દેવનું હોય તો સેવા કરવી.** બીજી વસ્તુમા માથાકુટ નથી. **પાર્સીપનીમાં રહેતા હોય એ પાર્સીપની મંદિરમાં સેવા કરો, કોલોનીયામાં રહેતા હોય એ કોલોનીયા મંદિરમાં સેવા કરો. વધારે ઉત્સાહ જાગે તો નરનારાયણદેવને આપજો. મહારાજે પ્રસ્થાપિત કરેલા મંદિરોમાં આપો પણ પાકી પહોંચ મેળવીને આપો. સિદ્ધાંત આટલો છે. બીજો ધંધો કરવો નથી. ખાસ કરીને નરનારાયણદેવ જે આપણને મળ્યા છે, સંસ્થા મળી છે. તેનો આપણને ગર્વ છે કે આટલી પારદર્શકતા છે. મળે છે ક્યાંય ? નથી મળતી.**

લાલજી મહારાજશ્રીએ સમૈયાની વાત કરી. એક જમાનામાં અમે આઈડિયા કરેલો પણ preservation (સાચવણ) આ બધુ વાતાવરણનું ભવિષ્ય એમનો જ concept છે. એમાં આપ સૌએ સેવા લખાવી છે. કાગળમાં ઘણા નામ છે. બે પાના છે ? બીજા બે કરી નાખીએ. જેની ઈચ્છા હોય એ પ્રમાણે આપવાના. વધારવાનું નથી. દેવનુ છે અને દેવ માટે કરવાનું છે. **શિક્ષાપત્રી છે, તમે વિચાર કરો સુખી થયા હોઈએ તો શેના લીધે ?**

ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान ।
सदाचारान् सदा तेऽत्र परत्र च महासुखाः ॥

**આ મહારાજના વચન છે. મહારાજે કીધું કે મારી વાણી એ મારુ સ્વરૂપ છે. જેમ ભગવાનની મૂર્તિ છે એ મૂર્તિ નથી પણ પ્રત્યક્ષ ભગવાન છે એમ મહારાજે કહ્યું કે, અમારી વાણી એ અમારું સ્વરૂપ છે. તો આપણે ભગવાનને માનીએ અને ભગવાનની વાણી ને ન માનીએ તો એ ભગવાનની અવગણના બરાબર છે. બરાબર નહી, એનાથીય ભંગાર કહેવાય. એ શિક્ષાપત્રીમાં સ્પષ્ટપણે લખ્યું છે.**

આજે તમે ને હું સુખી છીએ એ હકીકત છે. હમણા સ્વામીએ કહ્યું, આપણે શું હતા અને શું છીએ ? તમે બધા ૪૦ જેટલા મર્સીડીઝ લઈને લેવા આવો છો. મેં કહ્યું, મંદિરને પાંચ-પાંચ રૂપિયા આપી દેજો. ગેસ શું કરવા બાળો છો ? અમે તો હાલ્યા આવીશું. મહારાજે કીધું, અમારી આજ્ઞાનું પાલન કરશે, જે પણ વ્યક્તિ, એમાં એવું નથી લખ્યું કે સત્સંગી તિલક ચાંદલો કંઠી માળા આ ક્યાંય નથી લખ્યું. આ સમજવાની વસ્તુ છે. ये पालयन्ति मनुजाः **જે મનુષ્ય પાળે છે, તે મનુષ્ય. બધા સચ્છાસ્ત્ર છે એનું મંથન કરીને મળ્યું છે. એ સચ્છાસ્ત્રોનું પ્રતિપાદન કરેલ એવી જે આજ્ઞાઓ એ જે પાળશે તેને મહાસુખ આપીશું.** भीष्ट फल **એટલે મનવાંછિત સુખ આપીશું. આ બધા શબ્દો મહારાજના લખેલા છે.** બહુ Interesting વસ્તુ છે. કોઈ દિવસ મંથન કરવાની વસ્તુ છે. હવે સુખ તો છે પણ કોઈ મહાસુખ શું તમે મને કહો. For Example દા.ત. પ્રહલાદભાઈ મારી પાસે આવ્યા. મેં એને મોહનથાળ કે મગસનો ટૂકડો કરીને આપ્યો એને સુખ મળ્યુ. એની ઈચ્છા તો બે આખા પીસ ખાવાની હોય પણ વધારે પકવાન્ન ખાય તો આરોગ્ય માટે કદાચ નુકશાન કર્તા બને એટલે **જગતના**

**સુખની પાછળ દુઃખનો પડછાયો છે.** જાડા પૈડા વાળી મોંઘી ગાડી તમારા દેશમાં જે હોય એ ધારો કે તમે લાવો, પછી પંકચર કરાવો કે સર્વિસ કરાવો તો જાડું બીલ આવે. જેટલી દુનિયા દુકાન વધે એટલી માયાજાળ વધે. અમુક લોકો કહે છે, અમારે ૨૦ સ્ટોર છે. પણ ૨૦ સ્ટોરવાળો દોડા દોડ જ કરતો હોય, શાંતિથી બેસી શકે નહી. એક સ્ટોર વાળો જલસા કરીને સાંજે શાંતિથી સૂઈ જાય. એટલે માયાજાળ પહોળી થાય એમ મેઈન્ટેનન્સ પણ વધે છે. સંબંધનું, વહેવારનું એમ બધે જગત આખું મેઈન્ટેનન્સ પર ચાલે છે. બેસતું વર્ષ હોય તો વિચાર ના હોય પણ સંબંધ ના મેઈન્ટેનન્સ માટે ક્યાંક જવું પડે છે. આ મંદિરમાં સ્વામીએ કહ્યું. આ મકાન સરખું કરવાનું છે. એટલે બધી વસ્તુ મેઈન્ટેનન્સ માગે છે. પરંતુ **એક ભગવાન એવા છે, ભગવાનના વચન એવા છે. ભગવાના ચરણ એવા છે કે જેમાં મેઈન્ટેનન્સ નથી જોઈતું. એને પકડી આપણે રહેવાનું છે. ભગવાનના ચરણ સુખદાયી છે. ભગવાનના ચરણ સિવાય મહાસુખ નથી. મહાસુખ એટલે જે સુખની પાછળ દુઃખનો પડછાયો નથી એ ભગવાનના ચરણોમાં આપણે રહ્યા છીએ એટલે આપણે બધા સુખી છીએ.** આજે હસી શકીએ છીએ તેનું કારણ આપણે એ ભગવાનના આશ્રયમાં બેઠા છીએ. ભગવાનની આપણા ઉપર સંપૂર્ણ કૃપા કહેવાય.

લાલજી મહારાજશ્રીએ તથા સંતોએ વાત કરી શિક્ષાપત્રીની. આપણા માટે ગર્વાન્વિત થવાની એ વસ્તુ છે. એ ઉત્સવ ભૂજમાં ઉજવાશે, વસંત પંચમીના દિવસે મૂળીમાં રંગોત્સવ થશે અને અમદાવાદમાં પાંચ દિવસનું આયોજન થશે અને એ રીતે અમદાવાદ દેશ આખાનું આયોજન છે. સરસ ઉત્સવ થશે. એ ઉત્સવમાં બીજું કંઈ નહી, જે ઈચ્છા હોય એ કરવાનું. જેથી આપણને એમ થાય કે આ આપણું છે, મમત્વ થાય. રૂપિયા તો ઢગલા બંધ થઈ જાય. એ માટે અમેરિકા આવવાનું ના થાય. ફોન ઉપર થઈ જાય. ફોન ના કરીએ તો પણ થઈ જાય. ભગવાન બધુ કરી આપે છે. આપણાથી થતું નથી. એકેય જગ્યાએ અધુરુ રહ્યું નથી કે અડધું થયું નથી. એ તો મેં જોયું છે. અમે આટલી પેઢીએ બેઠી છીએ, હું નહીં હોઉ, કોઈ નહીં હોય કે ફલાણા નહી હોય તો પણ વાંધો નહી આવે. **ભગવાનની ઈચ્છાએ કરીને થાય છે. આપણે કર્યે નથી થતું.** આપણે તો દુઃખી જ થઈ જઈએ. ૧૦ વર્ષ કે ૧૨ વર્ષે મંદિર થાય. મહેનત કરીને મરી જઈએ પણ ભગવાન ભેગા ભળે ત્યારે થાય ને ! **હા, આપણે પુરુષ પ્રયત્ન જેટલો કરીએ એટલું મમત્વ થાય.**

પ્રમોદભાઈ ! શરૂઆતમાં આપણે અહીં આવ્યા ત્યારે જમીનમાં નજર પડેલી મેં કીધું, ચારે બાજુ પડ્યું છે, રાખી લો. મંદિર નહી થાય તો વેચીને બીજા ચાર કરીશું. પ્લાનીંગ એવુંય હોય. પછી બધાએ નક્કી કર્યું કે મંદિર કરવું છે. અને આજે હરિભક્તોને આ મંદિરનું સરસ સુખ મળે છે. માટે વસ્તુ એ છે કે આજે આપણને આનંદ તો થાય ને !

**Biggest thing is આવું સરસ મંદિર મળ્યું. આવા સરસ ભગવાન મળ્યા, આવો સરસ સત્સંગ મળ્યો, તો બસ એને આપણે માણવાનો છે. We have to cultivate that mind frame, so we can actually enjoy satsang. આપણે સત્સંગને Enjoy કરવાનો છે. Enforce કરેલો સત્સંગ નહી. માથા પર વાગે એવો સત્સંગ ના હોવો જોઈએ. Relax થઈને એન્જોય કરી શકો એવો સત્સંગ હોવો જોઈએ. એ માટે ભગવાનનું પ્રેમથી ભજન કરીએ એનું જ સુખ છે. અમૂક જગ્યાએ બીવડાવીને કરાવે છે. આજના જમાનામાં ઘણા હેરાન હેરાન કરી નાખે. નરક દેખાડી દે ડાયરેક્ટર. નર્કમાં પણ પાછા ફલાણી જગ્યાએ જશો. જાણે કે એમને જ કહીને આપ્યું હોય કે સ્ટેમ્પ તમારો ક્યાં વાગવાનો છે ? નર્કના કોન્સ્યુલેટ જનરલો છે, એ બધા ! આપણા સત્સંગની અંદર, ખાસ કરીને નરનારાયણદેવના આશરામાં આ બધુ આવતું નથી. આરામથી અને આનંદથી ભગવાનનું ભજન કરો, પ્રેમથી રહો, સુખી થાવ.**

તમારા દીકરા-દીકરીઓ જોઈએ, એના દીકરા દીકરીઓ જોઈએ એમ ત્રણ-ચાર પેઢી તમારી જોઈએ ત્યારે છાતી કેટલી ફુલતી હશે આટલું કહીને અંતમાં સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

**પ.પૂ. લાલજી મહારાજશ્રી :** ૧૦- ૧૦ વર્ષથી અહીંના હરિભક્તો, આગળ વડીલો બેઠા છે, પાછળ યુવાનો બેઠા છે, બધાએ ખૂબ ઉત્સાહથી, પાયાથી ખૂબ મહેનત કરીને આ મંદિર ઉભું કર્યું છે ને સત્સંગ વધાર્યો છે.

હમણા જ નેશવીલ મંદિરની પ્રતિષ્ઠા થઈ ત્યારે સભામાં અલગ-અલગ ચેપ્ટરથી પ્રેસિડન્ટસ  અને હરિભક્તો આવ્યા હતા. ત્યારે વાત થઈ કે **છેલ્લા ૪૦ વર્ષના જ સમયગાળામાં ફક્ત અમેરિકામાં જ લગભગ ૨૫ મંદિર થયા છે. એમાં પણ જે છેલ્લા ૧૫ થી ૨૨ મંદિર થયા છે એ છેલ્લા ૧૦ કે ૧૫ વર્ષમાં થયા છે.** એનાથી આપણને ખબર પડે છે કે આપણા હરિભક્તોની એકતા અને શ્રધ્ધા અને એ પણ વિદેશમાં રહીને ભગવાનને સાથે રાખીને કાર્ય કર્યું છે ત્યારે આવા મોટા મોટા મંદિરો થયા છે. મંદિર બનાવવાનું કારણ ભારતની બહાર હરિભક્તોનો સત્સંગ જળવાઈ રહે એ તો છે જ પણ સાથે સાથે મંદિરોની પ્રગતિ થાય, **નવા લોકો જોડાય અને નવા હરિભક્તો થાય એ પણ બહુ અગત્યનું છે.**

ગયા વર્ષે હું આવ્યો હતો, આ વર્ષે પણ મળવાનું થયું. પાર્સીપનીના ભક્તો બધા ભેગા થઈને અરસ પરસ સંપ અને એકતા રાખીને સત્સંગ કરે છે એ જોઈને બહુ આનંદ થયો. આવો ને આવો પ્રેમ અને લાગણી જળવાઈ રહે અને હજુ પણ વિશેષ વધે કારણ કે ૧૦ વર્ષ એ માઈલ સ્ટોન છે. આપણા વિસ્તારમાં આગળ ઘણો સત્સંગ વધવાનો છે. આપણે બધાએ ભેગા થઈને તેની તૈયારી રાખવાની છે. જેટલી મહેનત ૧૦ વર્ષ ઉભું કરવામાં કરી તેનાથી બે ઘણી મહેનત હવે કરવાની છે. કઈ રીતે આપણા મંદિર અને વિસ્તારમાં સત્સંગ વધે, કઈ રીતે વધુને વધુ લોકો જોડાય, **માત્ર સંખ્યા વધારવા માટે નહી પણ ભગવાનથી નજીક જોડાય, ભગવાને આપણને મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના જે સિધ્ધાંતો આપ્યા છે તેનાથી જોડાય એ માટે આપણે મહેનત અને પરિશ્રમ કરવાનો છે.**

વિશેષમાં સ્વામીએ હમણા શિક્ષાપત્રીના સમૈયાની જાહેરાત કરી. તો શિક્ષાપત્રી જ આપણી ઓળખાણ છે. **બહારની દુનિયામાં જે લોકો સત્સંગી ના હોય એમના માટે આપણા સંપ્રદાયની ઓળખાણ, સંપ્રદાયની, પ્રણાલિકા અને સિદ્ધાંતોની ઓળખાણ, જો કોઈને આપવી હોય તો એ માત્ર ને માત્ર શિક્ષાપત્રી દ્વારાજ આપી શકાય છે.** આપણે ભાગ્યશાળી છીએ કે આપણા Life Time માં આપણને Opportunity મળે છે કે સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીને આગામી વર્ષે ૨૦૦ વર્ષ પૂરા થશે અને એ સમૈયાનો લાભ આપણને મળશે. તેની તારીખ ૨૩ થી ૨૭ જાન્યુઆરી ૨૦૨૬ આપ સૌ જાણો છો ત્યારે **When we are going to enjoy it, I invite every one to be a participate from all the elder to youngster people because it is our heritage and foundation of our Sampraday (શિક્ષાપત્રી આપણા સંપ્રદાયનો અમૂલ્ય વારસો અને પાયો છે) અગર એ ભૂલીશું તો બધુ જ ભૂલી ગયા સમાન છે. શિક્ષાત્રીનો જેટલો મહિમા ગાઈએ એટલો ઓછો છે.**

ઉત્તરોત્તર સારા ઉત્સવો થાય એ આપણા અમદાવાદ દેશની પ્રણાલિકા મુજબ, તમે નરનારાયણદેવના ૨૦૦ વર્ષના પાટોત્સવ ‘‘પર્વ’’માં જેઓ આવ્યા હતા તો તેનાથી પણ વિશેષ સારી રીતે શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષનો ઉત્સવ કરવાનો છે. ખાસ એ વખતે Covid અને Travel ના કારણે ફોરેન કન્ટ્રીઝના ઘણા બધા લોકો નહોતા આવી શક્યા. આ વખતે સમૈયાની તારીખ ખૂબ વહેલી જાહેર કરી છે. ત્યારે અપેક્ષા કરીએ છીએ કે ફોરેન કન્ટ્રીઝથી પણ વધુને વધુ લોકો સમૈયામાં જોડાય. આ વર્ષે આપે ઘણા બધા Initiatives શરૂ કર્યા છે.

આપ સૌ જાણો છો તેમ ૨૦૧૧ માં સ્વામિનારાયણ મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન કર્યું ત્યારે મહારાજશ્રીએ Preservation Plus કરીને એક Project શરૂ કરેલો. જેની નીચે Enviornment (પર્યાવરણ)ને બચાવવા માટે આપણે ઘણી અલગ અલગ પ્રવૃત્તિઓ કરી હતી. આખુ મ્યુઝિયમ સોલર પેનલથી ચાલે એના માટે વિન્ડ મિલ્સ પણ નાખી હતી. અને એના નીચે દેશ વિદેશમાં ઘણા પ્રોજેકટ થયેલા. **આખું મ્યુઝિયમ Zero Carbon ઈમિશન પર ચાલે છે તો Preservation Plus ના એ પ્રોજેક્ટને Revise કરવા માટે ઘણા બધા Initiatives શરૂ કર્યા છે અને ધ્યાનમાં રાખીને પાંચ દિવસનો આખો સમૈયો સંપૂર્ણ પણે EcoFriendly (પર્યાવરણને નુકશાન ન કરે તેવું) થશે. કાર્બન ફૂટ**

**પ્રિન્ટ વગર, કોઈ પણ ગેસ વગર અને આ સમૈયામાં લાખો હરિભક્તો ભેગા થશે ત્યારે તેનો બધો જ વેસ્ટ ભેગો થાય એ Recycle કરવામાં આવશે. કોઈ સીંગલ પ્લાસ્ટીક યુઝ કરવમાં નહી આવે. જે ઈલેકટ્રીસીટી યુઝ થશે તે બધી જ સોલર એનર્જીથી Powered Electiricity use કરવાના છીએ. તો આવી બધી પ્રવૃત્તિઓ આ સમૈયા વખતે અને એના ઉપલક્ષમાં આપણે કરવાના છીએ. જેની દરેક હરિભક્તો ખાસ નોંધ લે. હું નથી માનતો કે કોઈ ધાર્મિક સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં આવો પ્રોજેક્ટ થયો હોય.**

મહારાજશ્રીએ શરૂ કરેલી આ પ્રવૃત્તિઓને આગળ લઈ જવાની જવાબદારી આપણા બધાની છે. **Preservation Plus** એને આગળ વધારવા માટે આપણે **Encourage** કરીએ. સાથે સાથે ધાર્મિક વગેરે અન્ય ઘણી બધી પ્રવૃત્તિઓ સભા, કથા-વાર્તા વગેરે તો થશે જ. **Social activity** (સામાજિક પ્રવૃત્તિ), હમણા સરસ વાત કરી, અહીના **Police Officers** ને યુવાનો ભેગા થઈને **Fire Fiters** ને એ બધા માટે સરસ એકટિવીટી કરી, એવી જ એકટિવિટી આપણે અમદાવાદ શહેર અને ગામડાઓમાં કરતા આવ્યા છીએ. **આપણા નાના નાના ગામડાઓમાં પાણી પહોંચે, Electricity (વીજળી) પહોંચે એ માટેની આપણા કાલુપુર મંદિર દ્વારા પ્રવૃત્તિઓ શરૂ થઈ છે.**

તો આ એક સમૈયાનો **Overs view** આપ્યો. કારણ કે આપ સૌએ ખૂબ સેવા કરી છે અને હજુ પણ વિશેષ સેવા કરવાના છો. દરેક હરિભક્તોને ખાસ વિનંતી કે ભગવાને શક્તિ આપી હોય એટલી આ સમૈયામાં સેવા કરે, કારણ કે આવો મોકો ફરીથી એટલા માટે નહી મળે કે મહારાજે સ્વહસ્તે લખેલી ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રી આપણને આપી છે અને એના ૨૦૦ વર્ષ પૂરા થઈ રહ્યા છે. માટે જરૂરથી આપણે બધા એમાં જોડાઈએ. આટલું કહી અંતમાં સૌને રૂડા શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

## સમસ્ત સંત હરિભક્તોને અગત્યનું સૂચન

(૧) શ્રી નરનારાયણદેવ દેશના સમસ્ત સંત હરિભક્તોને ખૂબજ અગત્યનું અને અત્યંત જરૂરી સૂચન છે કે, આપણા હરિ મંદિરો અને શિખરબધ્ધ મંદિરોમાં ગમે ત્યારે ગમે તે સમયે અજાણી વ્યક્તિ યુક્તિ પ્રયુક્તિ કરીને મંદિરમાં ચોરી કરી જતા હોય છે. તેવી વ્યવસ્થાપકોની ફરિયાદ છે. જેથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું ખાસ સૂચન છે કોઈ પણ અજાણી વ્યક્તિનો વિશ્વાસ કરવો નહિ. દર્શનના બહાને આવા લોકો મંદિરમાં ગલ્લા પેટી, પ્રસાદીની વસ્તુઓ ચોરી જતા હોય છે. માટે ખૂબ સાવધ રહી બને ત્યાં સુધી મંદિરમાં કોઈ ન હોય ત્યારે લોક કરીને મંદિર બંધ રાખવું. અજાણી વ્યક્તિને મંદિરમાં પ્રવેશ કરવા દેવો નહી. અથવા કાલુપુર મંદિરે જાણ કરવી અને તેનો પરિચય મેળવી લેવો.

બીજું ખાસ હરિભક્તોએ પણ દેવની મર્યાદા રાખી ફકત દેવ દર્શન, ભજન, ભક્તિ સિવાય અન્ય ચર્ચા, વાતો કરી અન્યને ખલેલ પહોંચાડવી નહી. બની શકે તો મંદિરમાં સી.સી. ટી.વી. કેમેરા સિસ્ટમ લગાડવી જરૂરી છે.

(૨) આપણા દરેક હરિમંદિર કે શિખરબદ્ધ મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા વગરના જે કોઈ મંડળો-અન્ય પ્રાઈવેટ મંદિરની વ્યક્તિ પોતાના સ્વાર્થ, લાભ માટે ખાનગીમાં કે જાહેરમાં પ્રવૃત્તિ કરતા હોય તો જે તે મંદિરના મહંતશ્રી, કોઠારીશ્રી અથવા વ્યવસ્થાપકોએ તેવી પ્રવૃત્તિ કરવા દેવી નહી. તે આપણા સૌની ફરજ છે.

# આપણા હરિ મંદિરો તથા પ્રસાદી સ્થાનો (પોર વાવોલ દેશ) ઉવારસદ

- બિપીન એમ. પટેલ (કાળીગામ-ગાંધીનગર)

**“વામે યસ્ય સ્થિતા રાધા શ્રીશ્ચ યસ્યાસ્તિ વક્ષસિ, વૃન્દાવનવિહારં તં શ્રી કૃષ્ણં હૃદિ ચિન્તયે”**

આપણા ધર્મમય જીવનની માર્ગદર્શિકા એટલે શિક્ષાપત્રી, જ્યારે આપણે શિક્ષાપત્રીનો પ્રથમ શ્લોક શ્રીહરિએ મંગલાચરણ રૂપે પ્રથમ આપણને કૃપા કરીને આપ્યો છે ત્યારે આ મંગલાચરણ ને હૃદયસ્થ કરીએ.

**(૧) ઉવારસદઃ-** ગાંધીનગરથી માત્ર ૭-૮ કિલોમીટરના અંતરે તથા અમદાવાદથી વાયા અડાલજ થઈને આવીએ તો ૨૨-૨૪ કિ.મી. ના અંતરે મહાપ્રસાદીભુત “ઉવારસદ” ગામ આવેલું છે.

ઉવારસદ ગામનું શ્રી સ્વામિનારાયણ મંદિર લગભગ ૧૨૬ વર્ષ જુનું છે. ઉવારસદ ગામના ગામ ગુરુ અ.નિ.સ.ગુ. શા. સ્વામી શ્રી હરિનારાયણદાસજી ગુરુ અ.નિ.સ.ગુ સ્વામી ગોપીવલ્લભદાસજી (મલ્લ સ્વામી)એ સત્સંગ પિયુષનું પાન કરાવીને સત્સંગ વટવૃક્ષનો વિકાસ કર્યો હતો.

મંદિરમાં એક સુંદર તક્તિ લગાવેલ છે. તદ્નુસાર મોહનપુર, મહી કાંઠાના રહેવાસી બા કુંવરબા તે કોઠ ગામના વાઘેલા શ્રી મુળુભા બાપુભાના દીકરી. તેમણે સંવત ૧૯૫૭ ના શ્રાવણ સુદ-૧૫ ના રોજ કરાવી આપેલ છે. આ મંદિરની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી પુરૂષોતમપ્રસાદજી મહારાજશ્રી એ સંવત ૧૯૫૫ ની સાલમાં વેદોક્ત વિધિસર કરી હતી.

આ ગામમાં શ્રીજી મહારાજનું આગમન શાસ્ત્રો અનુસાર જોઈએ તો નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોને વાગોળીએ.

“અડાલજ મે આયે અલબેલો રહે, રાત ત્યાં છેલ છબીલો, ઉવારસદ ગામને ઓળા ગામે, ગયે હરિ રથે, રજની એ ગામે, છાબી ભક્ત જેરામને લાલ, જહો અવિચળ પુર જવાલ, કણબી ખજી પૂંજો ભાર, રહે ઉવારસદ તજી ઉચાટ.

સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીજી મહારાજના વિચરણની સાથે સાથે ગામના ભકતોના નામની પણ સુંદર નોંધ કરેલ છે.

મંદિરમાં પ્રવેશતા જ સામે સુંદર નકશીકામ વાળા સિંહાસનમાં મધ્યમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી રાધાકૃષ્ણ દેવ, શ્રી નરનારાયણ દેવ આદિક દેવોના દર્શન થાય છે. સુંદર અલૌકિક પટ મૂર્તિઓમાં નયન રમ્ય મીનાકારી કામ આંખે ઉડીને વળગે છે. દર્શન કર્યે જ રાખીએ તો પણ ધરવ ન થાય તેવા મહારાજ બિરાજમાન છે.

વળી મહારાજના લીલા ચરિત્રો જેવા કે, વનવિચરણ, હિંડોળે ઝુલતા હરિ, મહારાજના ચરણારવિંદ, જમતી મૂર્તિના દર્શન થાય છે.

સદ્. ભૂમાનંદ સ્વામીની વાતો અનુસાર સં.૧૮૬૨ માં મહારાજ “મહાશિવરાત્રિનો સમૈયો કરીને માણસા થઈને ઉવારસદ પધાર્યા હતા.

આ મહાપ્રસાદીભુત ઉવારસદ ગામ શ્રીહરિના ચરણો થી અનેકવાર પાવન થયેલ છે. શ્રીહરિના દર્શનથી કૃત્ય કૃત્ય થયેલ ભક્તો જેરામ પટેલ, જેઠા પટેલ, પુરજમાલ પટેલ, પુંજા પટેલ, લાલજી પટેલ, અવિચળ પટેલ અને હરખજી પટેલ આવા અસંખ્ય ભક્તો મહારાજના સમયમાં થઈ ગયા. જેથી આ ગામ અતિ ભાગ્યશાળી અને મહાતીર્થરૂપ છે.

આજથી ૧૩ વર્ષ પહેલા આપણા પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું)માં દેવોની પ્રાણ પ્રતિષ્ઠા વિધિવત રીતે સંપન્ન થઈ હતી. વળી આ ગામમાં રહીને આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી એ સ્કુલમાં અભ્યાસ કરેલો છે. જેથી આ સ્કુલ પણ તીર્થરૂપ કહેવાય.

નિજ મંદિરને ૨૫ વર્ષ પુરા થતા રજત જયંતી મહોત્સવ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ના માર્ગદર્શનથી ખૂબજ ધામધૂમથી ઉજવાયો હતો.

ઉવારસદ ગામમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ખૂબ જ સક્રિય છે. અને દર વર્ષે આવતા ઉત્સવો ખૂબ જ ધામધૂમથી ઉજવે છે. શ્રી હનુમાનજી મહારાજનો મારુતિ યજ્ઞ દર વર્ષે ઉજવવામાં આવે છે.

આમ આ પ્રસાદીભુત ઉવારસદ ગામના દર્શનનો લાભ જરૂર લેવા જેવો છે. (ક્રમશઃ)

# હિંડોળા ઉત્સવ

## શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરમાં

### હીરના અદ્‌ભુત અલૌકિક વિવિધ પ્રકારના કલાત્મક હિંડોળા દર્શન.

## તા. ૧૨-૭-૨૦૨૫ થી તા. ૧૧-૮-૨૦૨૫

| તિથિ | તારીખ | વાર | હિંડોળા | તિથિ | તારીખ | વાર | હિંડોળા |
|---|---|---|---|---|---|---|---|
| અષાઢ વદ-૨ | ૧૨-૭ | શનિવાર | ફુલ | શ્રાવણ સુદ-૪ | ૨૮-૭ | સોમવાર | ચોકલેટ |
| અષાઢ વદ-૩ | ૧૩-૭ | રવિવાર | મીનાકારી | શ્રાવણ સુદ-૫ | ૨૯-૭ | મંગળવાર | અનાજ |
| અષાઢ વદ-૪ | ૧૪-૭ | સોમવાર | કોડી | શ્રાવણ સુદ-૬ | ૩૦-૭ | બુધવાર | ટીક્કી-સતારા |
| અષાઢ વદ-૫ | ૧૫-૭ | મંગળવાર | ઝરી | શ્રાવણ સુદ-૭ | ૩૧-૭ | ગુરુવાર | ફુલ |
| અષાઢ વદ-૬ | ૧૬-૭ | બુધવાર | પર્લ | શ્રાવણ સુદ-૮ | ૦૧-૮ | શુક્રવાર | શાકભાજી |
| અષાઢ વદ-૭ | ૧૭-૭ | ગુરુવાર | ભરતકામ | શ્રાવણ સુદ-૮ | ૦૨-૮ | શનિવાર | અલંકાર |
| અષાઢ વદ-૮ | ૧૮-૭ | શુક્રવાર | રેશમ દોરી | શ્રાવણ સુદ-૯ | ૦૩-૮ | રવિવાર | સૂકોમેવો |
| અષાઢ વદ-૯ | ૧૯-૭ | શનિવાર | ડાયમંડ | શ્રાવણ સુદ-૧૦ | ૦૪-૮ | સોમવાર | ડાયમંડ પીસ |
| અષાઢ વદ-૧૦ | ૨૦-૭ | રવિવાર | ચોકલેટ | શ્રાવણ સુદ-૧૧ **અગિયારશ** | ૦૫-૮ | મંગળવાર | પવિત્રા |
| અષાઢ વદ-૧૧ **અગિયારશ** | ૨૧-૭ | સોમવાર | સુકોમેવો | શ્રાવણ સુદ-૧૨ | ૦૬-૮ | બુધવાર | કાચ |
| અષાઢ વદ-૧૨/૧૩ | ૨૨-૭ | મંગળવાર | કોટન આર્ટ | શ્રાવણ સુદ-૧૩ | ૦૭-૮ | ગુરુવાર | ફુલ |
| અષાઢ વદ-૧૪ | ૨૩-૭ | બુધવાર | મોતી | શ્રાવણ સુદ-૧૪ | ૦૮-૮ | શુક્રવાર | વુડન આર્ટ |
| અષાઢ વદ-૩૦ | ૨૪-૭ | ગુરુવાર | ફ્રુટ | શ્રાવણ સુદ-૧૫ **પૂનમ** | ૦૯-૮ | શનિવાર | રાખડી |
| શ્રાવણ સુદ-૧ | ૨૫-૭ | શુક્રવાર | ફુલ | શ્રાવણ વદ-૧ | ૧૦-૮ | રવિવાર | ચોકલેટ |
| શ્રાવણ સુદ-૨ | ૨૬-૭ | શનિવાર | નંગ | શ્રાવણ વદ-૨ | ૧૧-૮ | સોમવાર | શંખ-છીપલા |
| શ્રાવણ સુદ-૩ | ૨૭-૭ | રવિવાર | ડોલર | | | | |

**નોંધ : હિંડોળાની સેવા કોઠાર ઓફિસમાં લખવામાં આવે છે - સંપર્ક : ૮૨૩૮૦૦૧૬૬૬**

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

**સર્વે હરિભક્તોની સગવડતા માટે તથા**
**પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકૂળનાં સંકલ્પથી હવેથી**
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન**
**દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.**




આપણો સંપ્રદાય સાહિત્ય ક્ષેત્રે ખૂબ ધનિષ્ઠ છે. નંદ સંતોએ તથા આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ રચેલ કીર્તનના અગાઉ ક્યાંય પ્રસિધ્ધ નથી થયા તેવા અપ્રાપ્ય પદો પ.પૂ. મોટા મહારાજશ્રીના સંકલ્પથી હાલમાં પ.ભ. વાલજી કરશન (નૈરોબી)ના સહયોગથી ''શ્રીહરિ ગુણગાન''ના ટાઈટલ હેઠળ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે.

શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓ મુખ્યત્વે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની વંશ પરંપરાગત આપણા મ્યુઝિયમમાં દર્શનાર્થે રાખવામાં આવેલ છે પરંતુ આપણા સંપ્રદાયનાં સંતો પાસે પણ શિષ્ય પરંપરામાં પ્રસાદીની વસ્તુઓ ઘણી હોય છે. હાલમાંજ નિર્જળા એકાદશીના દિવસે કાલુપુર મંદિરના સંત પરમેશ્વર સ્વામીએ તેમની પાસે રહેલ ૧૧ પરંપરાગત વસ્તુઓ મ્યુઝિયમમાં દર્શનાર્થે મુકવા પ.પૂ. મોટા મહારાજશ્રીને અર્પણ કરી હતી જે હોલ નં. ૬ માં રંગમહોલ વિભાગમાં દર્શનાર્થે મૂકવામાં આવેલ છે.



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી જૂન-૨૦૨૫

| | |
|---|---|
| તા. ૧૫-૦૬-૨૦૨૫ | (સવારે) પ.ભ. ધીરૂભાઈ ડાહ્યાભાઈ ભાવસાર ૮૩ મી વર્ષગાંઠ નિમિત્તે - હ. પંકજભાઈ ધીરૂભાઈ - ભૂયંગદેવ અમદાવાદ. |
| તા. ૧૫-૦૬-૨૦૨૫ | (૧૧ કલાકે) પ.ભ. વૈશ્રી હિમાંશુ મહાદેવભાઈ પટેલ - અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે - હ. પ.ભ. મહાદેવભાી પટેલ - સોલા |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ દાનભેટની યાદી જૂન-૨૦૨૫

| | |
|---|---|
| રૂા. ૧,૦૦,૦૦૦/- | પાર્ષદ બાબુ ભગત ગુરુ પાર્ષદ શંકર ભગત - કાલુપુર મંદિર. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "શ્રધ્ધા રાખી એકાંતિક ભક્ત બનવા પ્રયત્ન કરવાનો"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આપણે બધા અત્યારે અહિંયા ભેગા થયા છીએ કેમ કે પોતાના ભગવાન માટે નિષ્ઠા છે એટલા માટે ભેગા થયા છીએ. પોતપોતાના ઈષ્ટદેવ માટે નિષ્ઠા હોવી જ જોઈએ. **ઈષ્ટદેવના બળ વિના કોઈ કાર્ય સાર્થક થતું નથી.** ભગવાન કેવા છે. 'ગોલોક', 'વૈકુંઠ', 'શ્વેતદીપ', 'બ્રહ્મમહોલ' એમ સર્વે ધામના અધિપતિ છે. એવા અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ જ્યારે આ પૃથ્વી પર આવે છે તો શા માટે આવે છે ? પોતાના ભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે આવે છે. અને આપણે બધા રસ્તો ભૂલી જઈએ તો 'રાહ' બતાવવા માટે આવે છે. આપણે આપણા દીકરા-દીકરી ઘેરથી બહાર ગામ હોય અને સમયસર પાછા ન આવે તો જોવા જઈએ છીએ ને કે કેમ હજી સુધી ન આવ્યા. એમ ભગવાન પોતાના દીકરા-દીકરી ઘેર પાછા કેમ ના આવ્યા એમ જોવા માટે આવે છે. એમની જોડે આપણને લઈ જવા માટે આવે છે. વિચારો જ્યારે અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ ભગવાન આ પૃથ્વી પર અવતાર ધારણ કરીને આવ્યા હશે ત્યારે એમની સાથે જે બધા ભક્તો હતા **એમને ભગવાનની પૂજા-આરતી કરવા મળી, સેવા કરવા મળી, એ બધા કેટલા ભાગ્યશાળી હશે.** આપણે વિચારીએ તો અનંતકોટિ મુક્તો, અષ્ટસિધ્ધિ-નવનિધિ અખંડ જેમની સેવામાં હોય છે એ ભગવાન પોતાનું સંપૂર્ણ ઐશ્વર્ય અને તેજ પોતામાં સમાવીને જીવના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થાય છે. ભક્ત એમના દર્શન કરી શકે તથા સેવા-અર્ચનાદિક કરી શકે એવું રૂપ ધારણ કરે છે. **તે ભગવાનની સેવા કરવાનો, આરતી ઉતારવાનો લાભ જે ભક્તોએ લીધો હશે, તો વિચારો જે ભગવાન સૂર્ય-ચંદ્રને પ્રકાશ આપે છે એ ભગવાન માટે આરતીનો પ્રકાશ કેવો હશે !!!** તો પણ ભગવાને પોતાનું ઐશ્વર્ય છુપાવીને પ્રેમી-ભક્તનો પાસેથી બધી નાની મોટી સેવા ગ્રહણ કરી અને હજી પણ અર્ચા સ્વરુપ દ્વારા બધુ ગ્રહણ કરે છે. એ અર્ચાસ્વરૂપમાં પ્રત્યક્ષ ભગવાન છે. તેમના માટે શ્રધ્ધા અને નિષ્ઠા આપણને હશે તો જ અખંડ ચિંતવન થશે. જે ગ.મ.પ્ર.ના ચોથા વચનામૃતમાં ભગવાને કીધું છે કે **"અખંડ ચિંતવન થાય એવી શ્રધ્ધા જોઈએ અને જ્યારે શ્રધ્ધા ઓછી હશે ત્યારે તેટલું માહાત્મ્ય જાણ્યામાં પણ ઓછપ છે. અને જ્યારે માહાત્મ્ય જાણ્યામાં ઓછપ છે ત્યારે ભગવાનના સ્વરૂપના નિશ્ચયમાં પણ તેટલી ઓછપ છે."** એટલે શ્રધ્ધા થકી જ સ્વરૂપનો નિશ્ચય અને માહાત્મ્ય દૃઢ થાય છે. માટે શ્રધ્ધા રાખી એકાંતિક ભક્ત બનવા પ્રયત્ન કરવાનો. જે એકાંતિક ભક્ત હોય છે તેમને પોતપોતાના વર્ણાશ્રમના ધર્મોમાં નિષ્ઠા હોય છે. આત્મનિષ્ઠામાં અતિ દૃઢતા રાખે છે. ભગવાન સિવાય જગતની બીજી વસ્તુમાં અરુચિ હોય છે. અને માહાત્મ્ય સહિત ભગવાનની નિષ્કામભક્તિ કરે છે. આ ચારેય લક્ષણોએ યુક્ત હોય તેને એકાંતિક ભક્ત કહેવાય છે. આવા એકાંતિક ભક્ત બની મૂર્તિનું અખંડ ચિંતવન કરવું જોઈએ. ભગવાનની મૂર્તિ મનમાં ધારવા પ્રયત્ન કરવો. **મૂર્તિ ધારવા કરતા અખંડ હૃદયમાં મૂર્તિ દેખાય એવો પ્રયત્ન કરવો જોઈએ. એ વધારે અઘરુ છે.** આપણી અંદર સંકલ્પ-વિકલ્પ સતત ચાલતા હોય છે. પણ ચોવીસ કલાકમાં એક ઘડી એવી આવે છે. જ્યારે એક ક્ષણ માટે વિચારોની લહેરો ઓછી હોય છે. ધ્યાન રાખવાનું ત્યારે જ શાંત મનમાં ધ્યાન કરવું. પોતાની જાતને યાદ અપાવવા પ્રયત્ન કરવાનો કે **હું શરીર નહિ આત્મા છું, અને આ સુખ દુઃખ જે છે એની અસર શરીરને થાય છે મને નહિ. એ રીતનું જ્ઞાન રહે એક ક્ષણ કે અડધી સેકન્ડ પણ તો તેનું પુણ્ય ખૂબ મળે છે. કેમ કે સંકલ્પ-વિકલ્પ વગરનું ધ્યાન હોય છે. એ શુધ્ધ હોય છે. આવા શુધ્ધ ધ્યાનથી આત્મા-અનાત્માનો વિવેક વધે છે. એ થશે પછી જ બીજું થવાનું છે. માટે આત્મા-અનાત્માનો વિવેક વધે તેવા**

**પ્રયત્નો કરવાના.** અને બીજું મહારાજે ગ.પ્ર.પ્ર.ના ૩૩ માં વચનામૃતમાં આશરા વિષે કીધું છે કે દૃઢ આશરો એ મોટામાં મોટુ સાધન છે. તેણે કરીને ભગવાન રાજી થાય છે. અને તે આશરો અતિ દૃઢ જોઈએ. જેને વિષે ભગવાન સિવાય બીજા ઉપાયનું અવલંબન ના હોય તે આશરાના ત્રણ ભેદ છે. એક મૂઢપણે કરીને ભગવાનનો આશ્રય થાય છે. તે અતિ મૂઢ હોય તેને બ્રહ્મા જેવો હોય તે આશ્રયમાં ડોલાવે તોય પણ ડોલે નહિ અને બીજો પ્રકાર એ છે કે ભગવાનમાં પ્રીતિ કરીને ભગવાનનો દૃઢ આશરો થાય છે. તે જેને દૃઢ પ્રીતિ હોય તે પરમેશ્વરને મુકીને બીજા પદાર્થમાં જોરાવરી પ્રીતિ કરે તોય પણ થતી નથી. એવી રીતે જેને દૃઢ પ્રીતિ હોય તે પ્રીતિએ કરીને ભગવાનનો દૃઢ આશરો કહેવાય. અને ત્રીજો પ્રકાર છે બુદ્ધિએ કરીને. જેની બુદ્ધિ વિશાળ હોય તે ભગવાનનું 'સગુણ-નિર્ગુણપણું' તથા 'અન્વય-વ્યતિરેકપણુ' તેને સમજતો હોય, પરમાત્મા જ્યારે અવતારરૂપે હોય છે ત્યારે સગુણ હોય છે. પરમાત્માના એક એક રોમમાં અનંતગુણો છે. એટલે સગુણ છે. દિવ્ય મૂર્તિમાન વાસુદેવરૂપે નિર્ગુણ છે. માયાના એક પણ ગુણ નથી, એટલા માટે નિર્ગુણ છે. પણ 'નિરાકાર' નથી 'સાકાર' છે. અને 'અન્વય-વ્યતિરેકપણુ' એટલે અક્ષરબ્રહ્મ, ઈશ્વર, જીવ, માયા અને માયાના કાર્ય જે બ્રહ્માંડ એમને વિષે જે ભગવાનને અંતર્યામીપણે કહેવા અને નિયંતાપણે કહેવા તે તે ભગવાનનું અન્વયપણુ છે. અને એ સર્વેથી પૃથકપણે પોતાના ધામને વિષે જે સાકર અને દિવ્યમૂર્તિ છે તેને ભગવાનનું વ્યતિરેકપણું કહેવાય. અર્થાત્ જીવ, ઈશ્વરને અક્ષર થકી પર જે 'અક્ષરાતિત' સ્વરુપ એ ભગવાનનું વ્યતિરેક સ્વરુપ જાણવું. એવી રીતે ભગવાનનું 'સગુણ-નિર્ગુણપણું' અને 'અન્વય-વ્યતિરેકપણુ' છે તેને જાણે અને જગતની ઉત્પત્તિકાળે ભગવાન જે પ્રકારે અક્ષરરૂપે વર્તે છે તથા પુરુષ-પ્રકૃતિરૂપે વર્તે છે તથા વિરાટ પુરુષરૂપે વર્તે છે તથા બ્રહ્માદિક પ્રજાપતિરૂપે વર્તે છે તથા જીવના કલ્યાણને અર્થે નારદ-સનકાદિકરૂપે વર્તે છે. એ સર્વે રીતને સમજી જાણે, પુરુષોત્તમ ભગવાનને સર્વથી પર ને નિર્વિકાર સમજતો હોય એવી રીતે જેની દૃષ્ટિ પહોંચતી હોય, તેને બુધ્ધિએ કરીને ભગવાનનો દૃઢ આશરો છે. તે બીજાનો ટાળ્યો ટળે નહિ, ને પોતાનો પણ ટાળ્યો ટળે નહિ. અને ભગવાન મનુષ્ય દેહને ગ્રહણ કરીને સમર્થપણે અથવા અસમર્થપણે વર્તતા હોય તો તેને દેખીને તેની બુદ્ધિને વિષે ભ્રાંતિ થાય નહિ. એવું હોય ત્યારે દૃઢ આશરો કહી શકીએ. 'શ્રધ્ધા', 'નિષ્ઠા', 'એકાંતિક ભક્ત', 'અખંડ ચિંતવન', 'દૃઢ આશ્રય' આ બધુ કરવા માટે મનને મનાવવું જ પડે. આ કાર્ય રોજનું છે. કોઈપણ વસ્તુમાં મન સાથે ઝઘડો કરવો જ પડે છે. **મન અને માયાને જીવ ઈશ્વર તરફ જાય તે ગમતુ નથી. કેમ કે મૂર્તિ હૃદયમાં ધારશું, અખંડ ચિંતવન કરશું, ત્યારે કામના, ઈચ્છા બધુ મરણ પામે છે. અને કોઈને મરવું ગમતું નથી. મરણના ડરથી માયા જીવને ભગવાનથી દૂર કરે છે. મનને મહા પરાણે સીધા રસ્તે લઈ જવું પડશે. કળિયુગ ચાલે છે. યુગોનો પ્રભાવ મન અને શરીર પર થાય જ છે. સૌથી વધારે બુદ્ધિ ઉપર થાય છે. કળિયુગ અને માયાના પ્રભાવથી બુદ્ધિ અવળા માર્ગે ચાલવા માટે સંકલ્પ કરી લે છે.** એના માટે બહુ જ પ્રયત્નો કરવા પડે છે. કઠોર બનવું પડે છે. પોતાની જાત સાથે પ્રયત્ન કરવાથી ધીરે-ધીરે અસર થશે. કાયર થઈને આળસ કરીને પ્રયત્નો છોડી નહિ દેવાના. ભગવાન ઉપર દૃઢ શ્રધ્ધા અને પ્રીતિ રાખીને પ્રયાસ ચાલુ જ રાખવાના. ભગવાનના ચરણોમાં એ જ પ્રાર્થના કરીએ કે આપણને બધાને ખૂબ શક્તિ આપે જેનાથી આપણું મન સીધી દિશામાં જ ચાલે.

●

**સ્વભાવ**

- સાંખ્યયોગી કોકીલાબા (સુરેન્દ્રનગર)

મનુષ્ય એ સામાજીક પ્રાણી છે. તેમજ સ્વભાવ યુક્ત પણ પ્રાણી છે. આત્મા સાથે વળગેલા સ્વભાવ જન્મ મરણનું કારણ છે. વિષયના સંકલ્પ થાય તે વાસના કહેવાય. પણ ભગવાનની સ્મૃતિ કરતાં જે સંકલ્પ થાય તે સ્વભાવ કહેવાય. આ દુર્ભેધ પ્રકૃતિને આપણે સ્વભાવ, વાસના, ટેવ, આદત, હેવા, આંટી જેવા અનેક નામોથી ઓળખીએ છીએ. દુનિયામાં બધા કોર્ષ પૂરા કરવા સહેલા છે. પણ સ્વભાવ સુધારવાનો કોર્ષ કરવો અઘરો છે.

કદાચ સંસાર મૂકાય. પણ સ્વભાવ મૂકાય નહી. સ્વભાવ એવા બળિયા છે. કૂતરો રાજા બને તોય જોડા ચાવવાનું થોડું મુકે ? બધા ગુણોને દાબી સ્વભાવ મુખ્યપણે વર્તે છે.

જેમ દાંતમાં સોનું, પગમાં કાંટો, આંખમાં કણું, કીડનીમાં પથરી, પગમાં દુઃખાવો છે. ત્યાં સુધી માણસને ચેન ન પડે. સુખ ન આવે. જ્યાં સુધી વ્યક્તિમાં સ્વભાવો છે ત્યાં સુધી તેને દિવ્ય સુખનો અનુભવ ન થાય. ભોજનમાં ઝીણી રેતી ભળી ગઈ હોય તો જમવામાં સુખ ન આવવા દે. તેમ સ્વભાવ પણ ભજનનું સુખ ન આવવા દે.

ગજા વિનાના સ્વભાવ પાડે તે પણ ખરાબ થવાના છે. ગરીબ હોય ને સાકર જોઈએ, સારું સારું ખાવા જોઈએ એ પણ અતિ દુઃખી થવાનું કારણ છે. કરજ કરીને ખાશે, પીશે તેના દુઃખનો પાર ન રહે. ગ.મ. ૬૮ ના વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે જે, કામ, ક્રોધ, લોભ, અહંકાર, માન અને ઈર્ષા એ પણ નાસ્તિકપણાનો હેતુ છે. કેમ જે એ માયાનો એકેય સ્વભાવ વર્તતો હોય તો નારદ સનકાદિક જેવા સાધુ બળ કરે તોય મનાય નહિ.

મછિયાવના ફૈબાને હઠનો સ્વભાવ. એ સ્વભાવે કરીને પોતાનું જ બગાડ્યું. જેમ કાચનું વાસણ ફુટે પણ તેનો કટકો બીજાને લોહી લુહાણ કરે. તેમ સ્વભાવો પોતાને તેમજ બીજાને ને સત્સંગને પણ નુકશાન પહોંચાડતા હોય છે. સ્વભાવ જીત્યા સિવાય જ્ઞાન-ભક્તિ શોભતા નથી. જેમ લીંબડો કડવાશને છોડતો નથી. કુકડો ભલે હંસનું અનુકરણ કરે છતાંય તેમાં હંસના ગુણ આવતા નથી. નીચ મનુષ્યો પોતાને હેરાન કરનારા સ્વભાવોને છોડતા નથી. તે તો રાવણની જેમ નિર્દય થઈને સમાજને પીડતા જ હોય છે.

ઘણીવાર ચાર રસ્તા પર ટ્રાફિક જામ નથી હોતો પણ સ્વભાવ જામ હોય છે. સામ સામી ગાડીઓ ઉભી રાખે પછી વાત વટે ચડે ને ટ્રાફિકની સમસ્યાઓ સર્જાય. સ્વભાવનું તોફાન વ્યવહાર ને પણ વેરવિખેર કરતું હોય છે. તેથી જ કહેવાય છે જે જર, જમીન, ને જોરૂ એ ત્રણેય કજિયાના છોરૂં. કોર્ટ, કચેરીને પોલીસ થાણાં એ સ્વભાવોનાં જ સંગ્રહ સ્થાન છે.

વૃધ્ધાવસ્થામાં વાળ ખરે પણ વળ થોડા ખરે ? ભાલના કાગડા સાબરમતી ઉતરીને ગુજરાતમાં જાય નહી ને ગુજરાતના કાગડાઓ એ સાબરમતી ઉતરીને ભાલમાં જાય નહિ. આવા દેશના કે સ્વભાવના બંધન છે. પશુ-પંખી આ બંધનથી બાકાત છે.

ઘર છોડીને ત્યાગી થયા હોય, મંદિરમાં કોઠારી થયા હોય જો એક મંદિરમાંથી બીજા મંદિરમાં બદલી કરે તો મંદિર બદલવું કઠણ પડે. જેટલા માણસો તેટલા સ્વભાવ જોવા મળે. એક સાધુને નરનારાયણદેવના દેશની ઝોળી માગવાને બદલે શ્રી લક્ષ્મીનારાયણદેવની ઝોળી માંગવાનું કહ્યું તો દેશ બદલી એટલે તેના મનને જરાય સદી નહિ. પછી એ સાધુ ત્યાગાશ્રમ બદલી ગૃહસ્થાશ્રમમાં ચાલ્યા ગયા.

પરમહંસાનંદ સ્વામીને પણ એમ થયું જે ગૌ-શાળામાં આસન રાખેલું ને સાધુ આશ્રમમાં આવ્યું જ નહિ ને ત્યાં જ બંધાઈ ગયા. એક નવદીક્ષીત સંત આવ્યા. તેનો સમાવેશ કરવા ગુણાતીતાનંદ સ્વામીએ ધર્મશાળામાં રહેતા સંતોને કહ્યું કે સૌ પોત પોતાનું આસન ચાર-ચાર આંગળ ખસેડો તો આ નવા આવેલ સાધુની જગ્યા થઈ જાય. તે વખતે ઘણા સંતો ખસ્યા. પણ એક સંતે ખસવાની ના પાડી. કે હું તો જરાય ખસવાનો નથી. પછી બીજા સાધુ એ થોડું ખસેડ્યું તો તેને માઠું લાગ્યું. તે જૂનાગઢથી મૂળી ૪૦ ગાઉ ખસીને ત્યાં મંદિરે ચાલ્યા ગયા. ચાર આંગળ ન ખસ્યા. પણ ૪૦ ગાઉ ખસી ગયા.

વડતાલમાં એક પાર્ષદે એક પાડાને સારી પેઠે મારેલો, એટલે પાડો આ પાર્ષદને જ્યાં જુએ ત્યાં પાછળ પડે. કાળાંતરે પાર્ષદનું અવસાન થયું. અગ્નિસંસ્કાર પણ થઈ ગયો. ત્યારે પેલો પાડો સ્મશાનમાં ગયો ને પાર્ષદના પાર્થિવ શરીરની રાખમાં માથુ ભરાવી રાખ ઉડાડવા માંડ્યો. આવોય વિચિત્ર સ્વભાવ હોય.

એક વાદી હતો. નદી ઉતરતી વખતે તેના માથે સર્પનો કરંડિયો હતો. હાથમાં બકરૂ પકડેલું. ખંભે માકડું બેસાડેલું. વાદીને મનમાં હતું કે આ ત્રણેયને નદી પાર ઉતારી દઉ પણ જ્યાં કેડ સમું પાણી આવ્યું ત્યાં માકડાંએ પોતાના સ્વભાવ ઝળકાવ્યો. કરંડિયાનું ઢાંકણું ઉઘાડ્યું ત્યાં તો સર્પે ફેણ ચડાવી. સર્પથી બચવા માંકડું પાણીમાં કુદયું. બુદ્ધિહિન બકરૂ પણ વાદીને આધિન ન રહ્યું. તેને પણ પાણીમાં ઝંપલાવ્યું. સર્પે પણ પાણીમાં ઝંપલાવ્યું. આ રીતે ત્રણેય પોતાના સ્વભાવે પાણીમાં તણાઈ ગયા. ભગવાન તો જીવને

ભવસાગર ઉતારવા તૈયાર છે. પણ જીવ પોતે જ પોતાના સ્વભાવે કરીને સંસારમાં ઝંપલાવે છે.

ભગવા તો પહેરી લેવાય પણ ક્રોધ આદિક સ્વભાવ ટાળીને અંતર ભગવું કરવું કઠણ છે. કૂતરાની પૂંછડી વાંકીને વાંકી જ તેમ પ્રકૃતિ ટળવી ઘણી કઠણ છે. મનનું ધાર્યું કરવાની પ્રકૃતિ - સ્વભાવ છોડવો જ પડશે. તો જ આ જીવાત્મા અક્ષરધામમાં જઈ શકશે. તે અક્ષરધામમાં ટકી શકશે.

●

### ગંગાજી

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ)

હવે તો વર્ણીરાજ ખૂબ આનંદમાં છે. પોતાનો હેતુ પાર પાડવાનો સમય મળ્યો છે એટલે અનહદ આનંદ છે. વનવેલીઓ, પશુ-પક્ષીઓ પણ આ પ્રગટ પુરુષોત્તમનાં દર્શન ક્યાંથી કરવાં મળે એમ ઝૂકી-ઝૂકીને નમન કરી રહ્યા છે. પક્ષીઓ કલરવ કરી પોતાની ભાષામાં શ્રીહરિનું ગાન કરી રહ્યા છે. આનંદ આપતા આનંદ કરતા શ્રી ઘનશ્યામ હરિદ્વાર પહોંચ્યા છે. જ્યાં ગંગા નદી પતિત પાવન વહી રહી છે. ત્યાં તેને કાંઠે કૈલાસપતિનું સુંદર મંદિર છે. ત્યાં શંકર ભગવાન ધ્યાનસ્થ બેઠા છે. ધ્યાનમાં શ્રીહરિની મૂર્તિ સામે ચાલી આવતી દેખાવા લાગે છે. ધ્યાનમાંથી એકદમ ઉઠી તેઓ વર્ણીરાજ ને સામે મળવા ગયા અને વર્ણીરાજ નો હાથ પકડી મંદિરમાં લઈ ગયા છે. જ્યાં ગંગાજી ખળખળાટ વહ્યે જાય છે. કાંઠા પર બેસી ભોજન લઈ રહ્યા છે. દેવો આવી સેવાનો લાભ લેવા ઈચ્છતા હોય અને આનંદ માણતા હોય તો મનુષ્ય એવો લાભ લેવા કેમ ન ઈચ્છે ? અનંત જન્મનાં પુણ્ય ભેગાં થાય ત્યારે પુરુષોત્તમ નારાયણની સેવા પ્રાપ્ત થાય છે.

જ્યાં હરિ અને હરનું મિલન થયું છે તે સ્થળ હરકી પૌડી નામે ઓળખાય છે. કાંઠા ઉપર સુંદર ગંગાજીનું મંદિર આવેલું છે. જેમાં નયન રમ્ય શ્રી ગંગા માતાનું સ્વરૂપ બિરાજે છે. શ્રી ભાગીરથી રાજાની પ્રાર્થનાથી સ્વર્ગમાંથી પૃથ્વી પર પધાર્યા છે. તેથી તેમની બાજુમાં ભગીરથી રાજાની મૂર્તિ પણ બિરાજમાન છે. અહીં સવાર-સાંજ ગંગા મૈયાની ભવ્ય આરતી ઉતારવામાં આવે છે. જેનાં દર્શનનો લાભ લેવા ભાવિક ભક્તો મોટા સમુદાયમાં એકઠા થાય છે.

પતિત પાવની ગંગામાં એકવાર સ્નાન કરવાથી અનંત જન્મનાં પાપનો નાશ થાય છે. શ્રી વર્ણિરાજ પધાર્યાનો તો આનંદ છે જ પરંતુ મારે આંગણે શ્રીહરિએ ભોજન મારા હાથેથી ગ્રહણ કર્યું તેનો વિશેષ આનંદ ગંગાજીને છે.

''ધીરે ચાલો મોરી માં, ગંગામૈયા ધીરી ચલો, ગંગામૈયા ધીરે ચલો. મેરે કાંઠે પર શ્રી વર્ણીરાજ, ગંગા મૈયા ધીરે ચલો....''

**સુરેન્દ્રનગર મંદિરના નવા મહંત સ્વામીની નિયુક્તિ**

શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગરના નવા મહંત સ્વામી સ.ગુ. સ્વામી નિત્યપ્રકાશદાસજી ગુરુ અખંડભજનાનંદી સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીને નિયુક્ત કર્યા છે.

**શ્રી નરનારાયણદેવ દેશના આગામી ઉત્સવ**

અષાઢ વદ-૨ તા. ૧૨-૭-૨૦૨૫ થી શ્રાવણ વદ-૨ તા. ૧૧-૮-૨૦૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર હિંડોળાના દર્શન.

અષાઢ વદ-૧૦ રવિવાર તા. ૨૦-૭-૨૦૨૫ પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ.

અષાઢ વદ-૧૧ સોમવાર તા. ૨૧-૭-૨૦૨૫ કામિકા એકાદશી.

શ્રાવણ સુદ-૮ તા. ૧-૮-૨૦૨૫ દિલ્હી મંદિર પાટોત્સવ.

શ્રાવણ સુદ-૧૧ મંગળવાર તા. ૫-૮-૨૦૨૫ પવિત્રા એકાદશી.

શ્રાવણ સુદ-૧૫ શનિવાર તા. ૯-૮-૨૦૨૫ મુકુટોત્સવ પૂનમ, રક્ષા બંધન.

શ્રાવણ વદ-૫ તા. ૧૩-૮-૨૦૨૫ જયપુર (રાજ. જુનુ મંદિર) પાટોત્સવ.

શ્રાવણ વદ-૮ શનિવાર તા. ૧૬-૮-૨૦૨૫ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી, મૂળી મંદિર સમૈયો.

શ્રાવણ વદ-૧૧ મંગળવાર તા. ૧૯-૮-૨૦૨૫ અજા એકાદશી.

# શ્રી સ્વામિનારાયણ સમૈયો

## ના ઉપલક્ષમાં

**"સમૈયો"**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી આપણા આગામી શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષના સમૈયોના ઉપલક્ષમાં આપણા નીચે મુજબના ગામો વિસ્તારોમાં સંત-હરિભક્તો દ્વારા થયેલી પ્રવૃત્તિઓ.

**શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ શિક્ષાપત્રી સત્સંગ સભા**

શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ ખાતે શિક્ષાપત્રી લેખનના ૨૦૦ સમૈયા નિમિત્તે પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે સુંદર કથાનું આયોજન થયું હતું. રાણીપના તમામ હરિભક્તોએ કથા-વાર્તાનો લાભ લીધો હતો. તા. ૮-૬-૨૦૨૫ ના રોજ આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીએ સમૈયોની માહિતી સભર રૂપરેખા સમજાવી હતી. આ સભામાં સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજી (નારણઘાટ), સ.ગુ. જે.પી. સ્વામી (કાલુપુર), સ.ગુ. કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી (કાલુપુર) આદિ સંતો પધાર્યા હતા. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સમગ્ર સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ સુંદર આયોજન રાણીપ સત્સંગ સમાજે કર્યું હતું. (કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

**નવાવાડજ શ્રી સ્વામિનારાયણ મંદિર શિક્ષાપત્રી સત્સંગ સભા**

શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ ખાતે તા. ૧-૬-૨૦૨૫ રવિવારના રોજ શિક્ષાપત્રી સમૈયોની સત્સંગ સભાનું સુંદર આયોજન થયું હતું. પૂ. મહંત સ્વામીના શિષ્યો કાલુપુર મંદિરથી પૂ. ભંડારી સ્વામી ધર્મસ્વરૂપદાસજી તથા સ્વામી દિવ્યસ્વરૂપદાસજી આદિ સંત મંડળે આપણા આગામી ઉત્સવ સમૈયાની માહિતી સાથે દરેક ભક્તોને તેના ઉપલક્ષમાં વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાવા અને વ્યક્તિગત નિયમો લેવા ખાસ અનુરોધ કર્યો હતો. હરિભક્તોનો ખૂબજ ઉત્સાહ જોઈ સંતો પણ રાજી થયા હતા. (સ્વા. દિવ્યસ્વરૂપદાસ)

**સોલૈયા ગામે શિક્ષાપત્રી સત્સંગ સભા**

શ્રી સ્વામિનારાયણ મંદિર સોલૈયા ખાતે તા. ૧૨-૬-૨૦૨૫ ના રોજ શિક્ષાપત્રી સત્સંગ સભાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પ.ભ. ડૉ. જયેશભાઈ ચૌધરી, અત્રે મંદિરના કોઠારીશ્રી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા ગામના તમામ ભક્તોને આપણા આગામી સમૈયોના ઉપલક્ષમાં વિવિધ પ્રવૃત્તિઓ ધાર્મિક, સામાજિક વગેરેમાં જોડાવા ખાસ વિનંતી કરી હતી. ગામના સૌ હરિભક્તોએ ખૂબજ ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિ કરવા સૂર પુરાવ્યો હતો.

(ડૉ. જયેશભાઈ ચૌધરી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડીયા શિક્ષાપત્રી સત્સંગ સભા**

શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડીયા ખાતે તા. ૨૨-૬-૨૦૨૫ ને સોમવારના રોજ શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષ સમૈયાના ઉપલક્ષમાં સત્સંગ સભાનું સુંદર આયોજન થયું હતું. કાલુપુર મંદિરથી સ્વામી શ્રીજીસ્વરૂપદાસજી અને સ્વામી દિવ્યસ્વરૂપદાસજીએ હરિભક્તોને ભગવાનની કથા વાર્તા તથા સમૈયાના ઉપલક્ષમાં વિવિધ નિયમો અને પ્રવૃતિ કરવા ખાસ અનુરોધ કરી દરેકને શિક્ષાપત્રી, મંત્રલેખન નોટ, પેન, કિચન, ભેટ રૂપે આપી ખૂબજ રાજી કર્યા હતા. (દિવ્યસ્વરૂપ સ્વામી - કાલુપુર મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ - બાપુનગર અને હર્ષદ કોલોની ધાર્મિક પ્રવૃતિઓ**

''સમૈયો''ના ઉપલક્ષમાં ૨૦ મોટી સત્સંગ સભાના સંકલ્પ પૈકી પૂર્વ વિસ્તારમાં ત્રણ સભા સંપન્ન થઈ હતી. જેમાં ધૂન, સુંદર કાંડનો પાઠ, કાલુપુર મંદિરના પૂ. મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી તથા અપ્રોચ, પોરડા આદિક મંદિરોના મહંત સ્વામી દ્વારા પ્રાસંગિક કથાવાર્તાનો સૌએ દિવ્ય લાભ લીધો હતો.

શ્રીહરિની અંતર્ધાન તિથિ નિમિત્તે જેઠ સુદ-૧૦ ના રોજ બહેનો દ્વારા એપ્રોચ મંદિર (બહેનોનું) માં ૫ કલાકની તથા હર્ષદ મંદિર (બહેનોનું) માં ૧૨ કલાકની સ્વામિનારાયણ મહામંત્રની ધૂન થઈ હતી.

પ.પૂ. મોટા મહારાજશ્રીની પ્રેરણાથી હર્ષદ મંદિરના બાળકોને તા. ૮-૬-૨૫ ને રવિવારના રોજ જેતલપુરધામ યાત્રા પ્રવાસ કરાવવામાં આવ્યો હતો. જેમાં બાળ મંડળના ૩૫ બાળકો-બાલિકાઓ જોડાયા હતા. મંદિરમાં દેવોનું દર્શન ધૂન કરી સૌને પૂ. મહંત સ્વામીએ પ્રસાદ જમાડ્યો હતો. પ.ભ. ગોરધનભાઈએ જેતલપુરમાં આવેલા પ્રસાદીના તીર્થોનું માહાત્મ્ય સમજાવ્યું હતું. (ગોરધનભાઈ વી. સીતાપરા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડાધામ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી તેમજ સ.ગુ.કોઠારી સ્વામી વિશ્વપ્રકાશદાસજી તથા પૂજારી સ્વામી બાલકૃષ્ણદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડાધામમાં શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષ સમૈયો તથા જેતલપુર દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમા સત્સંગ ના અનેકવિધ કાર્યો થઈ રહ્યા છે. જેમાં દર એકાદશી એ સત્સંગ સભા તેમજ દર રવિવારે બાલ સભા - યુવક મંડળની સભા થઈ હતી. તા. ૨૭-૫-૨૦૨૫ ના રોજ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની ક્રિકેટ મેચનું આયોજન કર્યું હતું. એમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળના તમામ સભ્યો એ ભાગ લીધો હતો. મેચના અંતે સંતો દ્વારા પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યું હતુ. દર એકાદશીએ ગામના તમામ હરિભકતો સત્સંગ કથા વાર્તાનો લાભ લઈ રહ્યા છે. (શા.સ્વામી પ્રેમપ્રકાશદાસજી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ડુંગરી

શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર (ટોરડા)ના મહંત શાસ્ત્રી સ્વામી સિધ્ધેશ્વરદાસજીની પ્રેરણાથી ઈડર પ્રદેશના ડુંગરી ગામે તા. ૨૪-૫-૨૦૨૫ થી તા. ૨૭-૫-૨૦૨૫ અને ભાદરડી ગામે તા. ૨૮-૫-૨૦૨૫ શિક્ષાપત્રી ૨૦૦ વર્ષ નિમિત્તે સત્સંગ સભાનું સુંદર આયોજન થયું હતું. જેમાં ડુંગરી ગામે પાર્ષદ ઘનશ્યામ ભગતે ૭ દિવસ પર્યન્ત શિક્ષાપત્રી માહાત્મ્યની કથા કરી હતી. ડુંગરી ગામે સત્સંગ સમાજ અને બ્ર. સ્વા. અવિનાશાનંદજી દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ ભાદરડી ગામે ૧ એક દિવસની સુંદર શિક્ષાપત્રીની કથા કરવામાં આવી હતી. છેલ્લા દિવસે સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી સિધ્ધેશ્વરદાસજીએ પધારીને સૌને પ્રેરક વાણી દ્વારા રાજી કર્યા હતા. (પાર્ષદ ઘનશ્યામ ભગત - ઈડર પ્રદેશ)

## શ્રી સ્વામિનારાયણ પ્રસાદમ્

### શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષ સમૈયો નિમિત્તે
### ૨૧૨ દિવસ ગરીબોને ભોજન પ્રસાદનો પ્રારંભ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી એવમ્ આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને આયોજીત આગામી શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષના સમૈયાના ઉપલક્ષમાં આ વરસથી ધાર્મિક-સામાજિક-વિવિધ પ્રવૃતિઓ પુરજોશમાં ચાલી રહી છે.

પરમપૂજ્ય લાલજી મહારાજશ્રીના એક વચને સૌ સંતો-હરિભક્તો રાત દિવસ દેશ વિદેશમાં સતત પ્રવૃત્તિ કરી રહ્યા છે. આગામી સમૈયાના પ્રારંભ તા. ૨૩-૧-૨૦૨૬ અને તા. ૨૩-૬-૨૦૨૫ નો સમય ગાળો એટલે શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોક મુજબ ૨૧૨ દિવસનો સમય રહ્યો. આ ૨૧૨ દિવસ સુધી અમદાવાદ શહેરની નાની-મોટી હોસ્પિટલો, અનાથાશ્રમ, આંગણવાડી, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, ફૂટપાથ જ્યાં પણ ભૂખ્યા મનુષ્ય હોય ત્યાં આપણા અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી તૈયાર ભોજનના પેકેટનું વિતરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આપણા અમદાવાદ કાલુપુર મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી સંતો-હરિભક્તોને સાથે રાખી આવી માનવતાની મહેંક પ્રસરાવી રહ્યા છે. પ્રથમ ૧૫ દિવસ શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સે-૨ થી ગાડીઓ ભરીને ભોજન પ્રસાદના વિતરણનો શુભારંભ કર્યો છે. એ રીતે દરેક વિસ્તારના મંદિરોથી આ પ્રવૃત્તિ કરવામાં આવશે. સેવાભાવી હરિભક્તોને આવી માનવતાની સેવામાં શ્રધ્ધાથી સ્વેચ્છાએ જોડાઈને આવા સેવાકિય કાર્યમાં સહભાગી બની પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપા અને ધર્મવંશીનો રાજીપો મેળવવા કૃપાપાત્ર બનશો.

**ભૂખ્યાને જમાડવા જેવું એકેય પુણ્ય નથી.**

ચાલો આપણે સૌ ખંભે ખંભો મિલાવી આ સેવા યજ્ઞમાં દરેક પ્રકારે સહભાગી બનીએ.

# શ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**
**તથા પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજીમહારાજશ્રીના અધ્યક્ષસ્થાને**
**શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષનો "સમૈયો" તા. ૨૩-૧-૨૦૨૬ થી ૨૭-૧-૨૦૨૬ અંતર્ગત**

## ॥ પ્રસાદમ્ ॥

| ક્રમ | મંદિરનું નામ | મહંતશ્રી તથા કોઠારીનું નામ | મોબાઈલ નં. | તારીખ | નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર,<br>સેકટર-૨ | સ.ગુ.શા.સ્વા. દેવપ્રકાશદાસજી (મહંતશ્રી ઉનાવા)<br>સ.ગુ. શા.સ્વા. ભક્તિપ્રકાશદાસજી (કોઠારી સ્વામી ગાંધીનગર સે-૨) | ૯૩૨૮૭૯૩૨૮૭<br>૮૧૪૧૨૫૬૨૦૦ | ૨૪-૬-૨૫ થી<br>૭-૭-૨૫ | ૬-૭-૨૫ એકાદશી |
| ૨ | નારાયણપુરા અમદાવાદ | સ.ગુ. શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી (મહંતશ્રી નારણપુરા) | ૯૦૯૯૦૯૨૨૪૫ | ૮-૭-૨૫ થી ૨૨-૮-૨૫ | ૨૧-૭-૨૫ - એકાદશી |
| ૩ | કોટેશ્વર | સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) | ૯૯૨૫૦૨૩૭૭૯ | ૨૩-૭-૨૫ થી ૭-૮-૨૫ | ૫-૮-૨૫ - એકાદશી |
| ૪ | નવા વાડજ | શ્રી નિલેશભાઈ | ૮૧૪૧૪૪૬૦૮૪ | ૮-૮-૨૫ થી ૨૩-૮-૨૫ | ૧૬-૮-૨૫ -જન્માષ્ટમી<br>૧૯-૮-૨૫ - એકાદશી |
| ૫ | જીવરાજપાર્ક | શ્રી ભરતભાઈ ઠક્કર | ૯૯૨૫૦૦૭૬૬૨ | ૨૪-૮-૨૫ થી ૭-૯-૨૫ | ૩-૯-૨૫ - એકાદશી |
| ૬ | આર.સી. ટેકનિકલ | શ્રી રમેશભાઈ | ૯૫૮૬૪૨૨૬૦૧ | ૮-૯-૨૫ થી ૨૩-૯-૨૫ | ૧૭-૯-૨૫ - એકાદશી (શ્રાધ્ધપક્ષ) |
| ૭ | કલોલ | સ.ગુ. શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (મહંતશ્રી કલોલ-જમીયતપુરા) | ૯૭૨૫૧૧૧૯૯૯ | ૨૪-૯-૨૫ થી ૮-૧૦-૨૫ | ૩-૧૦-૨૫ - એકાદશી |
| ૮ | બોપલ | શ્રી આર. બી. પટેલ | ૯૭૨૫૦૦૭૮૭૬ | ૯-૧૦-૨૫ થી ૨૩-૧૦-૨૫ | ૧૭-૧૦-૨૫ - એકાદશી |
| ૯ | કર્મશક્તિ | શ્રી અશ્વિનભાઈ દોંગા | ૬૩૨૫૧૧૬૮૪૦ | ૨૪-૧૦-૨૫ થી ૮-૧૧-૨૫ | ૨-૧૧-૨૫ - એકાદશી |
| ૧૦ | બાપુનગર (એપ્રોચ) | સ.ગુ. શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજી (મહંતશ્રી એપ્રોચ) | ૮૦૦૦૦૦૪૩૯૩ | ૯-૧૧-૨૫ થી ૨૩-૧૧-૨૫ | ૧૫-૧૧-૨૫ - એકાદશી |
| ૧૧ | જમીયતપુરા | સ.ગુ. શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (મહંતશ્રી કલોલ-જમીયતપુરા) | ૯૭૨૫૧૧૧૯૯૯ | ૨૪-૧૧-૨૫ થી ૮-૧૨-૨૫ | ૧-૧૨-૨૫ - એકાદશી |
| ૧૨ | હર્ષદ કોલોની | શ્રી દાસભાઈ | ૯૯૨૫૦૪૨૬૮૬ | ૯-૧૨-૨૫ થી ૨૩-૧૨-૨૫ | ૧૫-૧૨-૨૫ - એકાદશી |
| ૧૩ | કાંકરિયા | સ.ગુ. શા.સ્વા. અભિષેકપ્રસાદદાસજી (મહંતશ્રી કાંકરિયા) | ૯૩૨૭૩૭૯૮૭૨ | ૨૪-૧૨-૨૫ થી ૭-૧-૨૬ | ૩૧-૧૨-૨૫ - એકાદશી |
| ૧૪ | નારાયણઘાટ | સ.ગુ. શા. સ્વા. સત્યસંકલ્પદાસજી (મહંતશ્રી નારાયણઘાટ) | ૮૪૦૧૪૫૧૫૯૭ | ૮-૧-૨૬ થી ૨૨-૧-૨૬ | ૧૪-૧-૨૬ - એકાદશી |

# સત્સંગ સમાચાર



**અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા મૃતાત્માઓની શાંતિ માટે અમદાવાદ મંદિરમાં (હવેલી) કથા અને સભા મંડપમાં ૬ કલાકની ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપગાદીવાળાશ્રીના સંકલ્પથી અમદાવાદમાં પ્લેન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા આત્માની શાંતિ માટે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર હવેલીમાં તા. ૧૭-૬-૨૦૨૫ થી તા. ૨૩-૬-૨૦૨૫ બપોરના ૨ થી ૫ દરમ્યાન પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની શુભ નિશ્રામાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સાંખ્યયોગી બાઈઓના વક્તાપદે થઈ હતી. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી ઘડીયાળના કાંટે સમયસર પધારી કથામૃતપાન કરતા હતા. સ્વભાવ છે સ્વામીનો પરદુઃખ હારી રે, ધર્મવંશીનો સ્વભાવ શ્રીહરિની જેમ ખૂબ દયાળુ છે. કોઈનું દુઃખ જોઈ ન શકે. તેથી જ આવી પ્રવૃત્તિ ધર્મકૂળ દ્વારા થાય છે.

અને તા. ૨૨-૬-૨૫ એકાદશીના રોજ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા આત્માની શાંતિ માટે સવારે ૮ થી ૧૨ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. જેનો શુભારંભ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થયો હતો. પૂ. મહંત સ્વામી અને સર્વે સંતો-હરિભક્તો ધૂનમાં બેસી ધૂન કરી હતી.

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર કેસર સ્નાન દર્શન**

વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ આદિ દેવોને વૈશાખ સુદ-૩ અક્ષય તૃતિયાથી જેઠ સુદ-૧૪ પર્યન્ત ચંદન-મલીયાગરના અદ્ભુત વાઘા નિત્યે ઠાકોરજીના પૂજારી બ્રહ્મચારી સંતો દ્વારા ધરાવવામાં આવતા હતા. જેઠ સુદ-૧૫ ના જયેષ્ઠા નક્ષત્રના શુભ દિને પ્રાતઃ ૬-૩૦ થી ૭ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયું હતું. એક હરિભક્ત પરિવારે યજમાનપદનો લાભ લીધો હતો.

(કોઠારી સ્વામી કાલુપુર મંદિર)

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર જેઠ સુદ-૧૫ સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે દર પૂનમના સત્સંગ સભાનું સુંદર આયોજન થાય છે. આ જેઠ સુદ-૧૫ ના સત્સંગ સભાના યજમાન શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે પ.ભ. એક હરિભક્ત પરિવારે લાભ લીધો હતો. આજની સત્સંગ સભાના વક્તા સ.ગુ.શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજી (મહંતશ્રી એપ્રોચ) સુંદર કથામૃત પાન કરાવ્યું હતું.

(કોઠારી સ્વામી કાલુપુર મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિપાર્કનો ૨૭ મો વાર્ષિક પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકૂળ પરિવારના શુભ આશીર્વાદથી કાલુપુર મંદિરના પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી તેમજ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સહ સત્સંગ સમાજના આયોજનથી પાટોત્સવ નિમિત્તે પ.ભ. શ્રી પરષોતમભાઈ વાઘજીભાઈ સાવલિયા પરિવારના યજમાનપદે પૂ. સ.ગુ. શા. સ્વામી શ્રી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) તથા સ.ગુ. શા. સ્વામી શ્રી સત્યસંકલ્પદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)ના વક્તાપદે સુમધુર સંગીતમય શૈલીમાં તા. ૨૮-૪-૨૫ થી ૪-૫-૨૫ પર્યન્ત બે સત્રમાં શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. કાલુપુર મંદિરના મહંતશ્રી પૂ. પી.પી. સ્વામી આદિક ઘણા વિદ્વાન સંતોએ પ્રાસંગિક આશીર્વચન સાથે સત્સંગ પોષણ કર્યું હતું. આ દિવસે પ.પૂ. મહારાજશ્રીએ પધારી કથાની પૂર્ણાહુતિ કરાવી યજમાન પરિવાર સહિત સર્વેને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. એજ રીતે બહેનોના વિભાગમાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દિવ્ય સુખ આપ્યું હતું. એપ્રોચ મંદિરના મહંત સ્વામીએ સભા સંચાલન કર્યું હતું.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

**એલનટાઉન I.S.S.O. શ્રી સ્વામિનારાયણ મંદિર દશાબ્દી પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વા. ચંદ્રપ્રકાશદાસજીની પ્રેરણાથી આપણા એલનટાઉન (I.S.S.O.) મંદિરનો દશાબ્દી મહોત્સવ ૧૮ જૂનથી ૨૨ જૂન-૨૦૨૫ દરમ્યાન પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ના વક્તાપદે વિદુર નીતિ પારાયણ, પોથીયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમ, પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો મહાભિષેક, અન્નકૂટ તથા સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) દ્વારા તૈયાર થયેલ કાલુપુર મંદિરથી પ્રકાશિત **"ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત સ્ત્રી ભક્તો"** પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. પાટોત્સવ પ્રસંગે પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અને પૂ. બિન્દુરાજા બહેનોને દર્શન આશીર્વાદ આપવા પધાર્યા હતા. અહીંના હજારો હરિભક્તોએ દેવ દર્શન, ધર્મકૂળ દર્શન, કથા શ્રવણ કરી ખૂબજ ધન્ય બન્યા હતા. (અરવિંદભાઈ પટેલ -ગામડીવાળા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મહિજ ૪૮ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર

ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ.સ.ગુ. મહંત શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ની પ્રેરણાથી તથા સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર મહિજનો ૪૮ મો વાર્ષિક પાટોત્સવ તા. ૧૪-૬-૨૦૨૫ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે પૂ. મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, પૂ. મહંત શા. સ્વા. હરિપ્રકાશદાસજી (મકનસર), પૂ. મહંત શા. સ્વામી ભક્તિનંદનદાસજી (બાવળા) આદિ સંતોએ શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક, અન્નકૂટ આરતી કરી સભા કથાવાર્તા ધૂન-ભજન કીર્તન કરી હરિભક્તોને રાજી કર્યા હતા. પાટોત્સવના યજમાન પ.ભ. મહેશભાઈ કોઠારીએ લાભ લીધો હતો.

(સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

**ધરમપુર (ખાખરીયા) ગો જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ૨૦૦ કલાકની ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ.સ.ગુ. મહંત શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ની પ્રેરણાથી તથા સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં આયોજીત આપણા આગામી જેતલપુરધામના દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ધરમપુર (ખાખરીયા) ગામે ૨૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે જેતલપુરધામથી પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, શા. સ્વા. હરિપ્રકાશદાસજી (મકનસર મહંતશ્રી) આદિ સંત મંડળે પધારી કથાવાર્તા કરી ધૂનની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી.

(સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લુણાવાડા મહામંત્ર ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ.સ.ગુ. મહંત શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ની પ્રેરણાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં આયોજીત જેતલપુરધામના આગામી દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં લુણાવાડા કડીયાવાડ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૫-૬-૨૦૨૫ ના રોજ ૧૨ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન યોજવામાં આવી હતી. પૂર્ણાહુતિ પ્રસંગે જેતલપુરધામથી પૂ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, બ્ર. સ્વામી હરિસ્વરૂપાનંદજી (ટ્રસ્ટીશ્રી), સ.ગુ. મહંત શા. સ્વા. હરિપ્રકાશદાસજી (મકનસર) આદિ સંત મંડળે કથાવાર્તા કરી, ધૂનની પૂર્ણાહુતિની આરતી ઉતારીને જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવની રૂપરેખા સમજાવી હતી.

(સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

**જેતલપુરધામ દ્વિશતાબ્દીના ઉપલક્ષમાં ખંડેરાવપુરા ગામે ૨૦૦ કલાકની ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને આયોજીત આગામી જેતલપુરધામના દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ખાખરીયાના ખંડેરાવપુરા ગામે ૨૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેની પૂર્ણાહુતિ તા. ૨-૬-૨૦૨૫ ના રોજ જેતલપુરધામથી પૂ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, બ્ર. સ્વા. હરિસ્વરૂપાનંદજી, સ.ગુ. મહંત શા. સ્વા. હરિપ્રકાશદાસજી (મકનસર), સ.ગુ. મહંત શા. સ્વા. ભક્તિનંદનદાસજી (બાવળા) આદિ સંત મંડળે કથાવાર્તા કરી ધૂનની પૂર્ણાહુતિની આરતી ઉતારીને જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવની માહિતી સમજાવી હતી. (સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

**જેતલપુરધામ દ્વિશતાબ્દીના ઉપલક્ષમાં દેવપુરા (ખાખરીયા) ૨૦૦ કલાકની ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષતામાં આયોજીત આગામી જેતલપુરધામના દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં દેવપુરા (ખાખરીયા) ગામે ૨૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર કરવામાં આવી હતી. જેની પૂર્ણાહુતિ તા. ૭-૬-૨૦૨૫ ના રોજ જેતલપુરધામથી સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, બ્ર. સ્વા. હરિસ્વરૂપાનંદજી આદિ સંત મંડળે પધારી ધૂનની પૂર્ણાહુતિની આરતી કરી જેતલપુર મહોત્સવની માહિતીની રૂપરેખા સમજાવી હતી. આજુબાજુના ગામોથી ઘણા હરિભક્તો પધાર્યા હતા.

(સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

**કવિસમ્રાટ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના જન્મ સ્થાન ખાણ (રાજ.) ગામે જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં અખંડ ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ.સ.ગુ. મહંત શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ની પ્રેરણાથી આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને આયોજીત આગામી જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના જન્મસ્થાન ખાણ ગામે તા. ૮-૬-૨૦૨૫ના રોજ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન યોજવામાં આવી હતી. આ પ્રસંગે જેતલપુરધામથી પૂ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, પૂ. મહંત શા. સ્વામી ભક્તિનંદનદાસજી (બાવળા), પૂ. મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજી (નારણપુરા) આદિ સંત મંડળ સાથે વિરમગામ, કાલીયાણા, ટ્રેન્ટ, જેતલપુર, નારણપુરા, સીતાપુર, બાયડ આદિ ગામના ૭૦૦ જેટલા ભક્તો ધૂનમાં જોડાયા હતા. અત્રેના મહંત સ.ગુ. શા.

સ્વામી કુંજવિહારીદાસજીએ ખૂબજ સહયોગ આપી સૌને રાજી કર્યા હતા. (સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

### જરવલા ગામે જેતલપુરધામ દ્વિશતાબ્દી નિમિત્તે ૨૦૦ કલાકની ધૂન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ.સ.ગુ. મહંત શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ની પ્રેરણાથી આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને આયોજીત આગામી જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં જરવલા ગામના હરિભક્તોએ ૨૦૦ કલાકની મહામંત્ર ધૂન કરી હતી. તા. ૨૦-૬-૨૫ના રોજ પૂર્ણાહુતિ પ્રસંગે જેતલપુરધામથી શા. જનમંગલ સ્વામી, સ્વામી અક્ષરપ્રિયદાસજી આદિ સંત મંડળે પધારી ધૂનની પૂર્ણાહુતિ કરીને જેતલપુર મહોત્સવની રૂપરેખા સમજાવી હતી. (સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

## મૂળી પ્રદેશના સમાચાર

### બાલશિબિર ચરાડવા (હળવદ)

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણાથી ચરાડવા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૩-૬-૨૦૨૫ અને તા. ૪-૬-૨૦૨૫ સુધી બાળ શિબિરનું સુંદર આયોજન ચરાડવા મંદિરના મહંત સ્વામી નિલકંઠપ્રસાદદાસજી અને શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભદાસજી, તેમજ મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજીના સહયોગથી સુંદર રીતે સંપન્ન થયું હતું. જેમાં ૧૫૦ થી વધારે બાળકો એ લાભ લીધો હતો. દરેક બાળકોને સંપ્રદાય અને તેની પરંપરા સમજાવવામાં આવી હતી. તમામ શિબિરાર્થીને મંદિરમાં સુંદર પ્રસાદ જમાડવામાં આવેલ. (પ્રતિ. અનિલ દુધરેજીયા)

## વિદેશ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર કેરીરાલે નોર્થ કેરોલીના (આઈ.એસ.એસ.ઓ. અમેરિકા) ૮ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા સ.ગુ. શા. સ્વા. વિશ્વવિહારીદાસજીના સુંદર માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કેરીરાલે નોર્થ કેરોલીનાનો ૮ મો પાટોત્સવ તા. ૩૦-૫-૨૫ થી તા. ૧-૬-૨૫ દરમ્યાન વિધિવત રીતે ઉજવાયો. પાટોત્સવના ઉપલક્ષમાં શિક્ષાપત્રી ૨૦૦ વર્ષ સમૈયાના ઉપક્રમે શિક્ષાપત્રી ભાષ્ય 'ત્રિદિનાત્મક પારાયણ મહંત શાસ્ત્રી સ્વામી વિશ્વવિહારીદાસજીના વક્તાપદે સંપન્ન થઈ. પોથીયાત્રામાં ધામધૂમથી હરિભક્તો જોડાયા હતા તા. ૩૧-૫-૨૫ શનિવારના રોજ મારૂતિયજ્ઞનું ભવ્ય આયોજન સંત-હરિભક્તોની નિશ્રામાં થયું હતું. તા. ૧-૬-૨૫ રવિવારના પ્રાતઃ ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક શા. સ્વામી વિશ્વવિહારીદાસજી, બ્ર. સ્વા. અનંતાનંદજી, બ્ર. સ્વા. કૃષ્ણપ્રિયાનંદજી (સિન-સિનાટી), સ્વા. ભક્તિવિહારીદાસજી (આટલાંટા), પાર્ષદ નરેન્દ્ર ભગત (જેકશનવિલે) આદિ સંત-પાર્ષદોએ કર્યો હતો. ઠાકોરજીને સુંદર નવા વાઘા ધરાવી દર્શન કરાવ્યા હતા. ભવ્ય અન્નકૂટ દર્શન અને પધારેલ સૌ સંત-પાર્ષદોની અમૃતવાણીનો લાભ હરિભક્તોએ લીધો હતો. સભા સંચાલન શા. સ્વા. ભક્તિવિહારીદાસજીએ કર્યું હતું. અત્રે મંદિરના બન્ને સંત મહંત શા. સ્વા. વિશ્વવિહારીદાસજી અને બ્ર. સ્વા. અનંતાનંદજીએ સુંદર આયોજન કર્યું હતું.

(જીજ્ઞેશભાઈ શેલત)

### શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O.) રજાઈના (કેનેડા) ૯ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજી (કલોલ-જમીયતપુરા મહંતશ્રી)ના માર્ગદર્શનથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર રજાઈના (કેનેડા) (I.S.S.O.) નો ૯ મો પાટોત્સવ તા. ૧૩ જૂન થી ૧૫ જૂન દરમ્યાન ધામધૂમથી ઉજવાયો. પાટોત્સવના ઉપલક્ષમાં આપણા કથાકાર પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ ત્રિદિનાત્મક શ્રીભક્તચિંતામણી ગ્રંથની સુંદર કથા સંભળાવી હતી.

આ પ્રસંગે સ.ગુ. શા. સ્વા. નારાયણમુનિદાસજી (કોઠારીશ્રી - કાલુપુર મંદિર), પાર્ષદ મહેન્દ્રભગત આદિએ ઠાકોરજીની અન્નકૂટ, શણગાર આરતી આદિ સેવામાં સુંદર સેવા બજાવી હતી. અહીંના હરિભક્તોએ કથા શ્રવણ - દેવ દર્શન કરી ખૂબજ ભાવવિભોર થયા હતા. વક્તાશ્રીએ આપણા આગામી સમૈયો મહામહોત્સવની રૂપરેખા સમજાવી હતી. સંતોએ ૯ માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને ષોડશોપચાર અભિષેક અને અન્નકૂટ આરતી ઉતારી હતી. (કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી - કાલુપુર મંદિર)

### વેનકુંવર (કેનેડા I.S.S.O.) સત્સંગ સભા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આપણા વેનકુંવર કેનેડા ખાતે તા. ૧૫-૬-૨૦૨૫ ના સુંદર સત્સંગ સભા શ્રી નરનારાયણ સત્સંગ સમાજ દ્વારા અહીંના શિવ મંદિરમાં થઈ હતી. જેમાં સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે સુંદર કથામૃતપાન કરાવ્યું હતું. દરેક ધર્મના સમન્વય સાથે ભાવિક ભક્તોને ખૂબજ રાજી કર્યા હતા. સાથે સાથે આપણા આગામી મહામહોત્સવ સમૈયોની જાણકારી માહિતી પણ વક્તાશ્રીએ આપી હતી. આ સત્સંગ સભામાં સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી (કોઠારીશ્રી કાલુપુર મંદિર)એ સુંદર સભા સંચાલન શોભાવ્યું હતું. ભાવિક ભક્તો કથામૃત પાન કરી ખૂબજ રાજી થયા હતા. સંતોએ આપણા આગામી સમૈયો

મહામહોત્સવની માહિતી રૂપરેખા સૌને સમજાવી હતી.

(કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી - કાલુપુર મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એડમિન્ટન (કેનેડા - I.S.S.O.) પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજી (કલોલ-જમીયતપુરા મહંતશ્રી)ના માર્ગદર્શનથી આપણા એડમિન્ટન (કેનેડા I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૧૭-૬-૨૦૨૫ થી તા. ૨૧-૬-૨૦૨૫ પર્યન્ત સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) અને સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી યજ્ઞપ્રકાશદાસજી (કલોલ-જમીયતપુરા મહંતશ્રી) ના વક્તાપદે શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણનું સુંદર કથામૃતપાન અહીંના આપણા હરિભક્તોએ કર્યું હતું. પ.પૂ. મહારાજશ્રીએ તા. ૨૦ અને ૨૧ બે દિવસ હરિભક્તોને દર્શનનો લાભ આપ્યો હતો. તા. ૨૧-૬-૨૦૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે એડમિન્ટન મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો પાટોત્સવ-અભિષેક વિધિવત રીતે સંપન્ન થયો હતો. હરિભક્તોએ કથા શ્રવણ, ધર્મકુળ દેવ -દર્શન કરી ખૂબ ધન્ય બન્યા હતા. પ્રાસંગિક સભામાં સ.ગુ. શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજી (કાંકરિયા મંદિર મહંતશ્રી), સ.ગુ. શા. સ્વા. નારાયણમુનિદાસજી (કોઠારીશ્રી કાલુપુર મંદિર) અને પાર્ષદ મહેન્દ્ર ભગત આદિ સંત-મંડળે અહીંના સત્સંગને આપણા આગામી સમૈયો મહામહોત્સવની વિશેષ માહિતી સાથે રૂપરેખા સમજાવી હતી. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમગ્ર સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

(કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી - કાલુપુર મંદિર)

**ટોરન્ટો કેનેડા (I.S.S.O.) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર ભૂમિ પૂજન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી કેનેડામાં (I.S.S.O.) આપણું ટોરન્ટો ખાતે પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર નિર્માણ થયું. ત્યારબાદ ત્યાંનો સત્સંગ ઉત્તરોત્તર વધતો ગયો. આપણા હરિભક્તો પરિવાર સાથે સ્થાયી થતા ગયા તેમ તેમ આપણું મંદિર પ્રસંગોપાત સમૈયા-ઉત્સવમાં હરિભક્તો માટે નાનું પડતું ગયું. આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને ટોરન્ટોના હરિભક્તોએ પ્રાર્થના કરી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ કહ્યું કે શ્રી નરનારાયણદેવ આપણને સારી જગ્યા મંદિર માટે વહેલામાં વહેલી શોધી આપશે. અને થયું તેમજ આપણને પાંચ એકર જેટલી વિશાળ જગ્યા મંદિર માટે મળી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સમગ્ર ધર્મકૂળ ખૂબ રાજી થયું. સ.ગુ. શા.સ્વામી અભિષેકપ્રસાદદાસજી (કાંકરિયા મહંતશ્રી)એ ત્રણ દિવસ હરિભક્તોને કથાનો લાભ આપ્યો હતો. તા. ૨૨-૬-૨૦૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંત-હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં નૂતન મંદિરનું ભૂમિ પૂજન વિધિવત રીતે સંપન્ન થયું. એ જ દિવસે સાંજે ટોરન્ટો મંદિરમાં તા. ૨૨-૬-૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં સાંજના વિશાળ સત્સંગ સભાનું આયોજન થયું હતું. જેમાં આપણા સંતો સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર), સ.ગુ. શા. સ્વામી યજ્ઞપ્રકાશદાસજી (કલોલ જમીયતપુરા મહંતશ્રી), સ.ગુ. કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી (કાલુપુર મંદિર), પાર્ષદ મહેન્દ્ર ભગત આદિ સંત મંડળે હરિભક્તોને ભગવાન શ્રીનરનારાયણદેવ પરત્વેની દૃઢ નિષ્ઠા રાખવા અને આગામી આપણા સમૈયો મહામહોત્સવની પણ સમગ્ર જાણકારી માહિતી આપી હતી. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદમાં નૂતન મંદિર વહેલાસર પૂર્ણ થાય અને સૌ હરિભક્તોનો સંકલ્પ-મનોરથ શ્રી નરનારાયણદેવ પૂર્ણ કરે તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી - કાલુપુર મંદિર)

**હ્યુસ્ટન (ટેકસાસ) I.S.S.O. શ્રી સ્વામિનારાયણ મંદિર રજત જયંતી મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આપણા હ્યુસ્ટન (ટેકસાસ) (I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિરનો રજત જયંતી મહોત્સવ તા. ૨૩ જૂન થી ૨૯ જૂન ૨૦૨૫ દરમ્યાન ધર્મકુળની નિશ્રામાં ધામધૂમથી ઉજવાયો. પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી રામકૃષ્ણદાસજીના (કોટેશ્વર) વક્તાપદે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું હ્યુસ્ટનના કથાપ્રેમી હરિભક્તોએ કથા શ્રવણ કરી ધન્ય બન્યા હતા. તા. ૨૬ થી ૨૯ જૂન સુધી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં કથા પારાયણ, ખ્યાતનામ ડૉકટરો દ્વારા આરોગ્યલક્ષી કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, શ્રીહરિકૃષ્ણ મહારાજની રજત તુલા, ઠાકોરજીને ભવ્ય અન્નકૂટ, શ્રીહરિયાગ, પોથીયાત્રા જેવા અનેક ધાર્મિક સામાજિક, સેવાકિય પ્રવૃતિઓ થઈ. અહીંના અનેક હરિભક્તોએ યજમાન બની સેવા કરી, કિચનની સેવાને પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પણ પ્રશંસા કરીને બિરદાવી હતી. આપણા આગામી ''સમૈયો''માં મુખ્ય યજમાન અને બીજા ઘણા ભક્તોએ સેવા લખાવી હતી. અહીંના પૂ. નિલકંઠ સ્વામી, પૂ. ભક્તિ સ્વામીનું પ.પૂ. મહારાજશ્રીએ સન્માન કરી બિરદાવ્યા હતા. હ્યુસ્ટનના મેયર (લેડીઝ) બહેનોની સભામાં પધારી આપણા આ પ્રસંગને ખૂબ બિરદાવ્યો હતો. આપણા I.S.S.O. ના ઘણા ચેપ્ટરોમાંથી આપણા ઘણા પૂ. સંતો અને હરિભક્તો પધાર્યા હતા. પ્રેસિ. પ.ભ. ગોવિંદભાઈ પટેલ અને કમિટીના તમામ સભ્યોએ ખડેપગે સેવા બજાવી હતી.

સતત ચાર ચાર દિવસ હ્યુસ્ટનના કાર્યક્રમ મહોત્સવમાં પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઉપસ્થિત રહી તમામ હરિભક્તો ઉપર અતિ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજી - કાલુપુર મંદિર)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**ચૈત્ર સુદ-૧** પ.ભ.અ.નિ. અનિલકુમાર તળસીભાઈ પટેલ (કુડાસણ), પ.ભ. હર્ષ ઘનશ્યામભાઈ પટેલ (ડાંગરવા), પ.ભ. નટવરલાલ દેવજીભાઈ પંચાસરા (અમદાવાદ), પ.ભ. વસંતભાઈ આર. પંડ્યા (અમદાવાદ), પ.ભ. રવિભાઈ મહેન્દ્રભાઈ રાણપરા (મોરબી), પ.ભ.અ.નિ. જીવરાજભાઈ નરસિંહભાઈ પીપળીયા (છાપરી-અમેરેલી), પ.ભ.અ.નિ. ભગવતીબેન બેચરભાઈ પટેલ (લાલોડા), પ.ભ. ઘનશ્યામભાઈ ઠક્કર (અમદાવાદ). **ચૈત્ર સુદ-૨/૩** પ.ભ. હરગોવિંદભાઈ મફતલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. નીતિનભાઈ જયંતીલાલ વાલાણી (અમદાવાદ), પ.ભ.અ.નિ. મનજી કાનજી પિંડોરીયા (માંડવી-કચ્છ). **ચૈત્ર સુદ-૪** પ.ભ. જગદીશભાઈ નારણદાસ પટેલ (અમદાવાદ), પ.ભ. વાલબાઈ હિરજી વેકરીયા (માંડવી-કચ્છ). **ચૈત્ર સુદ-૫** આશિષ અરવિંદભાઈ રામાણી (સુરત), અ.નિ. સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી - હ. પ.ભ. માવજી કરશન હિરાણી (સુખપર-રોહા), પ.ભ. ચિરાગ કનુભાઈ પટેલ (વેજલપુર). **ચૈત્ર સુદ-૬** પ.ભ.અ.નિ. ધિરજલાલ નાથાલાલ સોની (અમદાવાદ), અ.નિ. બ્ર. સ્વામી બાલકૃષ્ણાનંદજી (વડતાલ). **ચૈત્ર સુદ-૭** પ.ભ.અ.નિ. સુંદરબેન સાંખલા (વલસાડ), પ.ભ. અમરતભાઈ બાબુભાઈ ઝુલાસણા (સોજા). **ચૈત્ર સુદ-૮** પ.ભ.અ.નિ. નાનજી નારણભાઈ (ભુજ), પ.ભ. અમરીષભાઈ ઘનશ્યામભાઈ પટેલ (નારણપુરા). **ચૈત્ર સુદ-૯** પ.ભ. પ્રદ્યુમનસિંહ વનુભા વાઘેલા (ગોધાવી), પ.ભ. ઘનશ્યામભાઈ વશરામભાઈ પટેલ (ધરમપુર), પ.ભ. વિનોદભાઈ ધનજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. પ્રવિણાબેન ભાવેશભાઈ (અમદાવાદ). **ચૈત્ર સુદ-૧૦** પ.ભ. મનજી નાથા મેપાણી (સુખપર-કચ્છ), પ.ભ. મહેશભાઈ ભક્તિભાઈ પટેલ (રાજપુર), પ.ભ. મહેન્દ્રભાઈ હરિભાઈ (અમદાવાદ), પ.ભ.અ.નિ. હરજીભાઈ દેવજીભાઈ (અમદાવાદ), પ.ભ. રમેશભાઈ રણછોડભાઈ માદળીયા (અમદાવાદ). **ચૈત્ર સુદ-૧૧** પ.ભ. ક્રિષ્ણ શૈલેષભાઈ પટેલ (ઉનાવા). **ચૈત્ર સુદ-૧૨** પ.ભ. નિકુંજ રમેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અભિષેક કાછડીયા (અમદાવાદ), પ.ભ. ધર્મેન્દ્રસિંહ દિગુભા ચુડાસમા (સુરેન્દ્રનગર), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારણપર-કચ્છ), પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. કનુભાઈ બાબરીયા (અમદાવાદ), પ.ભ. સોનલબેન-રિયાન પટેલ (ડાંગરવા). **ચૈત્ર સુદ-૧૩** પ.ભ. જાદવા રામજી ખેતાણી (સુખપર-કચ્છ), પ.ભ. હિરાબા સોમદાસ (હવેલી) (કાલુપુર). **ચૈત્ર સુદ-૧૪** પ.ભ. અશોક જાદવા ખેતાણી (સુખપર-કચ્છ), પ.ભ. શાંતાબેન બાપુભાઈ ચૌધરી (હિંમતપુરા), પ.ભ. હર્ષિદાબેન આર. પંડ્યા (અમદાવાદ). **ચૈત્ર સુદ-૧૫** પ.ભ.અ.નિ. બાબુભાઈ મોહનભાઈ વાવડીયા (અમદાવાદ), પ.ભ. ધનજી માવજી હિરાણી (ફોટડી-કચ્છ), પ.ભ.અ.નિ. અશોકભાઈ કરશનભાઈ જાદવા (માલણપુર), પ.ભ. હેમની, વૈદિહી, અશ્વિન વરસાણી (રામપર-વેકરા-કચ્છ), પ.ભ. આયુષ ભગત - સંત મહાદીક્ષા નિમિત્તે પ.ભ. સુરેશભાઈ શિવજીભાઈ રાબડીયા (માંડવી-કચ્છ).

**ચૈત્ર વદ-૧** પ.ભ. જયશ્રીબેન પરેશ રાઘવાણી (બળદીયા-કચ્છ), પ.ભ. ફેની પ્રદિપભાઈ પટેલ (ગવાડા), પ.ભ. રાજેન્દ્રસિંહ ભીખાજી ચાવડા (બિલોદરા), પ.ભ.અ.નિ. મગનભાઈ માધવજીભાઈ મકવાણા (અમદાવાદ), પ.ભ. નીરૂબેન ભાઈલાલભાઈ પટેલ (અડાલજ), પ.ભ. કાંતિભાઈ બી. પત્રાડા (અમદાવાદ), પ.ભ. ગણેશભાઈ મગનભાઈ બામરોલી, પ.ભ.અ.નિ. ગોપાલ રામજી હિરાણી - હ. નારણભાઈ ગોપાલભાઈ હિરાણી (ગોડપર-કચ્છ), પ.ભ. ચંપાબેન કેશવભાઈ (ઉગામેડી), પ.ભ. તન્વીબેન મનોજકુમાર પટેલ (ડાંગરવા). **ચૈત્ર વદ-૨** પ.ભ.અ.નિ. હરજીભાઈ દેવસીભાઈ વસાણી (અમદાવાદ), પ.ભ. પોપટભાઈ બળદેવભાઈ પટેલ (કુંડાળ). **ચૈત્ર વદ-૩** પ.ભ. રામજીભાઈ વેલજીભાઈ વાઘજીયાણી (સુખપર-કચ્છ), પ.ભ. ડાહ્યાભાઈ બાભઈદાસ પટેલ (ગવાડા), પ.ભ. સંગીતાબેન કેતનભાઈ પટેલ (અમદાવાદ). **ચૈત્ર વદ-૪** પ.ભ. જ્યોત્સનાબેન નૈનેશકુમાર પટેલ (અમદાવાદ), શ્રીજી મહિલા મંડળ (મલાડ-મુંબઈ), પ.ભ.અ.નિ. ભાવનાબેન નરેન્દ્રભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ધનજી મનજી વેકરીયા (બળદીયા-કચ્છ). **ચૈત્ર વદ-૫** પ.ભ.અ.નિ. દિનેશકુમાર અમરતલાલ સોની (અમદાવાદ), પ.ભ. ડૉ. પ્રકાશભાઈ સોમાભાઈ ચૌધરી (અમદાવાદ), પ.ભ.અ.નિ. કેશુભાઈ ભગુભાઈ પટેલ (ચાંદખેડા), પ.ભ.અ.નિ. કાંતિભાઈ જાદવજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. કાનજીભાઈ નારણભાઈ રાઘવાણી (બળદીયા-કચ્છ), પ.ભ. નિલેશભાઈ પટેલ (ડાંગરવા), પ.ભ. રાવજીભાઈ ચતુરભાઈ પટેલ (ચાંદખેડા). **ચૈત્ર વદ-૭** પ.ભ. નીતિનભાઈ મનુભાઈ લીંબાસીયા (અમદાવાદ), પ.ભ. ઘનશ્યામભાઈ પટેલ (બોપલ), પ.ભ. કિરીટભાઈ કાનજીભાઈ જાદવ (વેજળકાવાળા), પ.ભ. નીલાબેન ધનશ્યામભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. પિનલ તુષારભાઈ સુખડીયા (નિકોલ), પ.ભ. મિતલબેન પટેલ (પલીયડ). **ચૈત્ર વદ-૮** પ.ભ. હિમાંશુ ભરતભાઈ ગજ્જર (અમદાવાદ), પ.ભ. જયકુમાર પટેલ (અમદાવાદ). **ચૈત્ર વદ-૯** પ.ભ. શિવજી નારણ વેલાણી (સુખપર-કચ્છ). **ચૈત્ર વદ-૧૦** પ.ભ. બચીબાઈ પ્રેમજી હાલાઈ (સુખપર-કચ્છ), પ.ભ. જાદવજીભાઈ ગાજપરીયા (બળદીયા-કચ્છ), પ.ભ.અ.નિ. સુરેશભાઈ સોમાભાઈ પટેલ (મનીપુર). **ચૈત્ર વદ-૧૧** પ.ભ. શિવજીભાઈ કરશન જેસાણી (બળદીયા-કચ્છ). **ચૈત્ર વદ-૧૨** પ.ભ. દેવજી હરજી હાલાઈ (મેઘપર-કચ્છ), પ.ભ. ભાવેશ જન્મેજયભાઈ દવે (અમદાવાદ), પ.ભ. નાનબાઈ ગોવિંદ પિંડોરિયા (નારણપર-કચ્છ), પ.ભ.અ.નિ. આશિષભાઈ ભીખાભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારણપર-કચ્છ). **ચૈત્ર વદ-૧૩/૧૪** પ.ભ.અ.નિ. કમળાબેન બહેચરદાસ પટેલ (સાયરા), પ.ભ.અ.નિ. કમળાબેન બહેચરદાસ પટેલ (સાયરા), પ.ભ. જીગ્નેશભાઈ સુરેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ચંપાબેન ચિમનલાલ ઠક્કર (અમદાવાદ), પ.ભ. હિરાબા સોમદાસ (હવેલી કાલુપુર). **ચૈત્ર વદ-૩૦** પ.ભ. નામાન મનિષ દેવસી પિંડોરિયા (નારણપર-કચ્છ), પ.ભ. એક હરિભક્ત (કોટેશ્વર), પ.ભ. ભારતીબેન લાલભાઈ સોની (અમદાવાદ), પ.ભ. પારૂલબેન જતીનકુમાર જેઠવા (અમદાવાદ), પ.ભ. શશીકાંતભાઈ અમૃતલાલ મોડેશા (સુરેન્દ્રનગર), પ.ભ. મિતુલ વિક્રમભાઈ સોની (અમદાવાદ), પ.ભ.અ.નિ. બાબુભાઈ નાથાભાઈ (અમદાવાદ), પ.ભ. ઉષાબેન ત્રિવેદી (અમદાવાદ), પ.ભ.અ.નિ. ભીખાભાઈ ભલાભાઈ દલસાણીયા (ડુમાણા), પ.ભ. લક્ષ્મીકાંતભાઈ વિશ્રામભાઈ પટેલ (માધાપર-કચ્છ), પ.ભ. કાનજી કુરજી વરસાણી (ભારાસર-કચ્છ).

### અક્ષરવાસ

**શ્રી સ્વામિનારાયણ મંદિર વાલી (રાજસ્થાન)** ના સ.ગુ. સ્વામી પુરુષોત્તમચરણદાસજી ગુરુ સ્વામી રામલક્ષ્મણદાસજી જેઠ સુદ-૫ ને તા. ૩૧-૫-૨૦૨૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji





અમદાવાદ મંદિરમાં દર પૂનમે નિયમિત થતી સત્સંગ સભામાં દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



અમદાવાદ મંદિરમાં પોતાના વરદ્ હસ્તે સંત મહાદીક્ષા આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



જીવરાજપાર્ક મંદિરના ૩૭ મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલ જીવાત્માઓના આત્મ કલ્યાણ માટે કાલુપુર મંદિરમાં અખંડ ધૂન યોજાઈ હતી.



વિસનગર નૂતન મંદિરનું ખાત મુહૂર્ત વિધિ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



શ્રી કચ્છ લેઉઆ પટેલ સમાજના અમદાવાદ નવજીવન ખાતેના નવા સંકુલનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



''સમૈયો''ના ઉપલક્ષમાં રાણીપમાં આયોજીત સત્સંગ સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



''સમૈયો''ના ઉપલક્ષમાં ૨૧૨ દિવસ આપણા મંદિરો દ્વારા ગરીબોને મફત ભોજન પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd.PSO on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026




એન.એન.ડી. ક્રિકેટ લીગની ફાઈનલ મેચ પ.પૂ.લાલજી મહારાજ ની ટીમ “ટાઈટન” જીતી એ વેળા કપ સાથે પ.પૂ.લાલજી મહારાજશ્રી



શીવગઢ રાપર (કચ્છ) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



એલનટાઉન (આઈ.એસ.એસ.ઓ.અમેરિકા) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



પ.પૂ.ભાવિઆચાર્ય 108
શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો 28 મો

# પ્રાકટ્યોત્સવ

અષાઢ વદ-૧૦
તા. ૨૦-૭-૨૦૨૫
રવિવાર

શ્રી સ્વામિનારાયણ મંદિર,અમદાવાદ દેશ



પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

## શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષનો

# સમૈયો

23-1-2026 - 27-1-2026

અધ્યક્ષ : પ.પૂ.ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

સ્થળ:-
“પર્વ”ગ્રાઉન્ડ, પ્રભા હનુમાનજી મંદિરની બાજુમાં,
જમીયતપુરા,અમદાવાદ

શ્રી સ્વામિનારાયણ મંદિર,અમદાવાદ દેશ

વિશ્વના સૌ પ્રથમ
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં

## સમૈયાના ઉપલક્ષમાં

# ભવ્ય હરિના હિંડોળા પ્રદર્શન

તા.૧૨-૭-૨૫ થી ૨૩-૮-૨૫